dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નુ સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26
Year - 7 | Issue- 285 | AD - 2024, Ashadh Sud -12 | Thursday, Dt.18-07-2024 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### જહાજ હજુ પણ પાણીમાં ડૂબેલું છે અને ઊંધુ પડ્યું છે

## ઓમાનના તટ પાસે ઓઈલ જહાજ ડૂબતા ૧૩ ભારતીયો સહિત ૧૬ ક્રુ મેમ્બર્સ ગુમ

**ક્રુ મેમ્બરને બચાવવા ઓમાની અધિકારીઓ દ્વારા રેસ્ક્યુ અને સર્ચ ઓપરેશન શરૂ કરાયું**

નવીદિલ્હી,તા.૧૭

ઓમાનના તટ પર ડૂબેલા કોમોરોસ ધ્વજવાળા ઓઈલ ટેન્કરના ૧૬ ક્રુ સભ્યો હજુ પણ ગુમ છે. દેશના સમુદ્રી સુરક્ષા સેન્ટરે ડૂબવાની સૂચનાના એક દિવસ બાદ આ જાણકારી આપી. આ ઓઈલ ટેન્કર યમનના એડન પોર્ટ પર જઈ રહ્યું હતું. ઓમાની સેન્ટરે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર એક પોસ્ટમાં કહ્યું કે પ્રેસ્ટીજ ફાલ્કનના ક્રુ સભ્યોમાં ૧૩ ભારતીય નાગરિકો અને ૩ શ્રીલંકન સામેલ છે.



સુત્રોના જણાવ્યાં મુજબ જહાજ હજુ પણ પાણીમાં ડૂબેલું છે અને ઊંધુ પડ્યું છે. જો કે તેમણે એ કન્ફર્મ કર્યું નથી કે જહાજ સ્થિર થઈ ગયું કે નહીં કે ઓઈલ કે ઓઈલની પ્રોડક્ટ સમુદ્રમાં લીક થઈ રહી છે કે નહીં.

એલએસઈજીના શિપિંગ ડેટાથી ખબર પડી કે ટેન્કર યમનના એડન પોર્ટ તરફ જઈ રહ્યું હતું અને ઓમાનના પ્રમુખ ઔદ્યોગિક બંદર દુકમ પાસે પલટી ગયું. શિપિંગ ડેટાથી જાણવા મળ્યું કે આ જહાજ ૨૦૦૭માં બનેલું ૧૧૭ મીટર લાંબુ ઓઈલ પ્રોડક્ટ ટેન્કર છે. આવા નાના ટેન્કરોનો ઉપયોગ સામાન્ય રીતે નાની દરિયાઈ મુસાફરીઓ માટે થાય છે.

ઓમાનની સરકારી સમાચાર એજન્સીએ સોમવારે મોડી રાતે જણાવ્યું કે ઓમાની અધિકારીઓએ સમુદ્રી અધિકારીઓ સાથે ઘટનાસ્થળે રેસ્ક્યુ અને સર્ચ ઓપરેશન ચલાવ્યું.


દુકમ બંદર એ ઓમાનના દક્ષિણ-પશ્ચિમ તટ પર આવેલું છે. તે સલ્તનતની પ્રમુખ ઓઈલ અને ગેસ ખનન પ્રોજેક્ટ્સની નજીક છે જેમાં એક મુખ્ય ઓઈલ રિફાઈનરી પણ સામેલ છે.

તે દુકમના વિશાળ ઈન્ડસ્ટ્રીયલ ઝોનનો ભાગ છે જે ઓમાનનો સૌથી મોટો સિંગલ ઈકોનોમિક પ્રોજેક્ટ છે.

## પાકિસ્તાનમાં ચાલી રહેલા કેમ્પમાંથી આંતકીને ૧ લાખ આપી ભારત મોકલાઈ રહ્યાંનો રિપોર્ટ

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૧૭

જમ્મુ-કાશ્મીરમાં છેલ્લા કેટલાક દિવસોમાં થયેલા આતંકવાદી હુમલાએ સ્પષ્ટ કરી દીધું છે કે મોટી સંખ્યામાં આતંકવાદીઓ ભારતીય સરહદમાં ઘૂસી ગયા છે. તાજેતરમાં કઠુઆમાં સેનાના ૫ જવાનો શહીદ થયા હતા. તે જ સમયે, ગત મંગળવારે એક કેપ્ટન સહિત ૪ સેનાના જવાનો શહીદ થયા હતા. હવે એક ટોચના સ્ત્રોતે આતંકવાદીઓને પાકિસ્તાન



સંબંધિત ફંડિંગ વિશે મોટી માહિતી શેર કરી છે. તેમાં પાકિસ્તાનના તે આતંકવાદી કેમ્પની યાદી પણ છે જે તે સરહદ પર ચલાવે છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, પાકિસ્તાન તેના પ્રશિક્ષિત આતંકવાદીઓ, ભૂતપૂર્વ એસએસજી, ભાડૂતી સૈનિકોને દરેક જૂથ માટે ઓછામાં ઓછા ૧ લાખ રૂપિયા સાથે ભારતમાં મોકલી રહ્યું છે. મળતી માહિતી મુજબ, નિરાશ પાકિસ્તાન પોતાના આતંકવાદીઓને M4 જેવા મોંઘા હથિયાર અને બખ્તરને વેધન કરતી ગોળીઓ આપી રહ્યું છે. ઘૂસણખોરી દરમિયાન તેમની મદદ કરનાર ગાઈડને પણ ૧૦,૦૦૦ થી ૫૦,૦૦૦ રૂપિયા આપવામાં આવે છે.

### સુપ્રીમ કોર્ટે ઈડીના કેસમાં પહેલેથી જ જામીન આપી દીધા છે ત્યારે

## કેજરીવાલની જામીન અરજી પર હાઈકોર્ટનો ચુકાદો અનામત, વધુ સુનવણી ૨૯મીએ થશે

નવીદિલ્હી,તા.૧૭

મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના વચગાળાના જામીન અને સીબીઆઇ દ્વારા તેમની ધરપકડને પડકારતી અરજી પર દિલ્હી હાઈકોર્ટે પોતાનો ચુકાદો અનામત રાખ્યો છે. કેજરીવાલના રેગ્યુલર જામીનની સુનાવણી ૨૯ જુલાઈએ થશે. કોર્ટે કહ્યું કે તે વચગાળાના જામીન પર નિર્ણય અનામત રાખે છે. નિર્ણય લખવામાં ૫-૭ દિવસ લાગશે.



૨૯મી જુલાઈના રોજ નિયમિત જામીનની સુનાવણી હાથ ધરવામાં આવશે. સુપ્રીમ કોર્ટે તેમને ઈડી કેસમાં પહેલા જ જામીન આપી દીધા છે. કેજરીવાલ વતી વરિષ્ઠ વકીલો અભિષેક મનુ સિંઘવી અને વિક્રમ ચૌધરી હાઈકોર્ટમાં હાજર રહ્યા હતા. જ્યારે સીબીઆઈ વતી સરકારી વકીલ ડીપી સિંહે કોર્ટ સમક્ષ પોતાની દલીલો રજૂ કરી હતી. કેજરીવાલના વકીલ અભિષેક મનુ સિંઘવીએ કહ્યું કે આ એક વીમા ધરપકડ છે. સીબીઆઈ પાસે કેજરીવાલ વિરુદ્ધ કોઈ પુરાવા નથી. સીબીઆઈને લાગ્યું કે ઈડીના કેસમાં અરવિંદ જેલમાંથી બહાર આવી શકે છે,

## દેશના અનેક જિલ્લાઓમાં પૂરની સ્થિતિ : મહારાષ્ટ્ર, દિલ્હી, મધ્યપ્રદેશમાં વરસાદ



નવીદિલ્હી,તા.૧૭

દેશના અનેક ભાગોમાં વરસાદ પડી રહ્યો છે. ઉત્તર પ્રદેશ, મધ્યપ્રદેશ, બિહાર અને આસામમાં વરસાદને કારણે નદીઓમાં ઉછાળો આવ્યો છે. આ રાજ્યોના અનેક જિલ્લાઓમાં પૂર જેવી સ્થિતિ સર્જાઈ છે. સ્થાનિક વહીવટી તંત્ર પૂરની સ્થિતિને પહોંચી વળવામાં વ્યસ્ત છે. તે જ સમયે, રાષ્ટ્રીય રાજધાની દિલ્હીના લોકો ભેજવાળી ગરમીથી પરેશાન છે. હળવા વરસાદ બાદ વાતાવરણ ભેજયુક્ત રહ્યું હતું. આ સમયગાળા દરમિયાન દિલ્હીનું મહત્તમ તાપમાન ૩૮.૪ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. દિલ્હી-એનસીઆર અંગે ભારતીય હવામાન વિભાગે જણાવ્યું કે સામાન્ય રીતે વાદળછાયું વાતાવરણ રહેશે. દિલ્હી-એનસીઆરના ઘણા વિસ્તારોમાં હળવો વરસાદ પણ પડી શકે છે. દિલ્હીનું મહત્તમ અને લઘુત્તમ તાપમાન ૩૬ ડિગ્રી સેલ્સિયસ અને ૨૫ ડિગ્રી સેલ્સિયસની આસપાસ રહેવાની શક્યતા છે. આઈએમડીએ આગામી બે દિવસ માટે દિલ્હીમાં યલો એલર્ટ જાહેર કર્યું છે. મધ્યપ્રદેશના અનેક જિલ્લાઓમાં ભારે વરસાદ પડી રહ્યો છે. સ્થાનિક હવામાન વિભાગે અનેક જિલ્લાઓમાં વાવાઝોડા સાથે ભારે વરસાદની ચેતવણી જારી કરી છે. હવામાન વિભાગે કહ્યું કે આગામી એક-બે દિવસમાં ખરગોન, બુરહાનપુર, ખંડવા, બરવાની, અલીરાજપુર, ઝાબુઆ, ઈન્દોર, રતલામ, છિંદવાડા અને બાલાઘાટમાં ભારે વરસાદ થઈ શકે છે. રાજધાની ભોપાલ સહિત અન્ય જિલ્લાઓમાં તોફાનની ચેતવણી જારી કરવામાં આવી છે. હવામાન વિભાગના અધિકારીઓએ જણાવ્યું કે આગામી ૨૪ કલાકમાં ભોપાલમાં આકાશ વાદળછાયું રહેશે. રાજધાની ભોપાલમાં કેટલીક જગ્યાએ ગાજવીજ સાથે વરસાદ પડી શકે છે.



**કોલ સેન્ટરમાં કોલ લાગતો નથી**

# રાજુલામાં મોડી રાત્રે વીજળી ગુલ થતા લોકોમાં ભારે રોષ

રાજુલા,તા.૧૭

ગઈકાલે રાત્રે અમરેલી જિલ્લાના રાજુલા શહેરમાં મોડી રાત્રે વીજળી ગુલ થવાના કારણે સ્થાનિક લોકોમાં ભારે રોષ ફેલાયો હતો. કલાકો સુધી વીજળી નહિ આવતા લોકોએ પીજીવીસીએલ કોલ સેન્ટરમાં ફોન કર્યા પરંતુ સંતોષકારક જવાબ ન મળતા તેમનો ગુસ્સો વધુ વધી ગયો હતો. રાજુલા તાલુકા પંચાયત પ્રમુખના પતિ ધીરજભાઈ પુરોહિત, ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ મનીષભાઈ વાળા, શહેર ભાજપ મહામંત્રી અને નાગરિક બેંકના ચેરમેન મહેન્દ્રભાઈ ધાખડા સહિતના આગેવાનો અને સ્થાનિકો રાત્રે પીજીવીસીએલ કચેરી પહોંચી ગયા હતા અને ભારે રોષ સાથે વિરોધ નોંધાવ્યો હતો. પીજીવીસીએલ કોલ સેન્ટર દ્વારા ફોન નહિ ઉપાડવા મામલે લોકો ખૂબ જ ગુસ્સે હતા. જોકે,



પીજીવીસીએલ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે રાજુલા શહેરમાં આવેલ સવિતાનગર ફીડરમાં ફોલ્ટ થવાના કારણે વીજળી ગુલ થઈ હતી. મામલો વધુ ઉગ્ર બનતા પોલીસની ટીમ પણ પીજીવીસીએલ કચેરીએ દોડી આવી હતી અને પરિસ્થિતિને કાબુમાં લેવાનો પ્રયાસ કર્યો હતો. અંતે પીજીવીસીએલના મુખ્ય અધિકારી દ્વારા ટેલિફોનિક વાતચીત કરી સવારે રૂબરૂ બેઠક કરી યોગ્ય કાર્યવાહી કરવાની ખાતરી આપ્યા બાદ મધરાતે મામલો શાંત પડ્યો હતો.

**શું કહે છે પીજીવીસીએલ?**

રાજુલા પીજીવીસીએલ નાયબ ઈજનેરે કહ્યું હતું કે, રાતે લાઈન ઉપર અચાનક ચામાચીડીયું પડ્યું હતુ જેના કારણે ફોલ્ટ આવ્યો હતો. અમારા જુનિયર એન્જીનીયર રાતે હાજર જ હતા અને રાજુલા શહેરમાં હજારોની સંખ્યામાં કનેક્શન છે. કોલ સેન્ટર ઉપર એક સાથે કોલ આવતા હોય છે ત્યારે કેટલીક વખત કોલ વ્યસ્ત આવતો હોય છે. અમારી ટીમે રાતે જ ફોલ્ટ દૂર કરી લાઈટ આપી દીધી છે. હાલ કોઈ પ્રશ્ન નથી.

# લીલીયા આઈટીઆઈ ખાતે ભરતી મેળો યોજાશે

અમરેલી,તા.૧૭

લીલીયા આઈટીઆઈ ખાતે ખાનગી ક્ષેત્રના એકમ સી.આઈ. આઈ ઓટોમોટીવ ઈન્ડિયા લિમિટેડ શાપર વેરાવળ માટે ૧૮ થી ૪૦ વર્ષની વયમર્યાદા અને ખાલી જગ્યાને અનુરુપ ધો.૧૦ પાસ, અને ધો.૧૨ પાસ, આઈ.ટી.આઈ, ડિપ્લોમા સહિત શૈક્ષણિક લાયકાત ધરાવતા હોય તેમજ એક્સ. આર્મીમેન હોય તેવા ઉમેદવારો માટે ભરતી મેળો યોજાશે. એલ.આઈ.સી. અમરેલી માટે વીમા એજન્ટની જગ્યા માટે ૧૮ થી ૪૫ વર્ષની વયમર્યાદા તેમજ ધો.૧૨ પાસની શૈક્ષણિક લાયકાત ધરાવનાર ઉમેદવારો માટે ભરતી મેળો યોજાશે. અનુબંધમ વેબપોર્ટલના ડિજિટલ માધ્યમથી ભરતી મેળો યોજાનાર હોય, તા.૨૩ જુલાઈ, ૨૦૨૪ને મંગળવારના રોજ સવારે ૧૧ વાગ્યે ઔદ્યોગિક તાલીમ સંસ્થા (આઈ.ટી.આઈ) કેમ્પસ, લીલીયા ખાતે લાયકાત ધરાવતા રોજગાર ઈચ્છુકોએ ઉપસ્થિત રહેવું.

# બાબરા તાલુકાના નાનીકુંડળ ગામે ગૌરીવ્રતની ઉજવણી



નાની કુંડળ,તા.૧૭

બાબરા તાલુકાના નાની કુંડળ ગામે પરંપરા મુજબ નાની બાળાઓએ શિવ મંદિરે જઈને શિવ અને પાર્વતીજીની બ્રાહ્મણ દ્વારા વિધિપૂર્વક પૂજા અર્ચના કરી ગૌરીવ્રતની ઉજવણી કરી હતી.

# લીલીયા પંથકના વિદ્યાર્થીઓ માટે બસ ફાળવાતા આનંદ

**શાળાા આચાર્યએ એસ.ટી. કર્મચારીનું સન્માન કર્યુ**

અમરેલી,તા.૧૭

લીલીયાની શાળામાં અભ્યાસ કરતા સનાળીયા, હાથીગઢ અને હરીપર સહિતના ગામોના વિદ્યાર્થીઓને શાળા છુટ્યા બાદ પોતાના ગામ જવા એકપણ બસની



સુવિધા ન હોવાથી વિદ્યાર્થીઓ ભારે મુશ્કેલીનો સામનો કરતા હતા. જેથી વિદ્યાર્થીઓએ આ બાબતે શાળાના આચાર્ય હસમુખભાઈ કરડને રજૂઆત કરતા શાળાના આચાર્યએ આ બાબતે એસ.ટી.વિભાગના અધિકારીને શાળા છુટયા સમયે બસ ફાળવવાની માંગણી કરતા એસ.ટી.તંત્ર દ્વારા આ ગામો માટે બસ ફાળવી આપતા શાળાના આચાર્ય દ્વારા એસ.ટી. કર્મચારીનું મોં મીઠુ કરી શાલ ઓઢાડી સન્માન કરાયું હતું.

**મોટા દેવળીયા અને આસપાસના ગામોના લોકો માટે**

# બાબરાના મોટા દેવળીયામાં સર્વ રોગ નિદાન કેમ્પ યોજાયો, મોટી સંખ્યામાં લોકોએ લાભ લીધો



બાબરા , તા.૧૭

બાબરા તાલુકાના મોટા દેવળીયા ગામે જિલ્લા પંચાયત આરોગ્ય વિભાગ દ્વારા ગુરુવારે એક સર્વ રોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પનો લાભ મોટા દેવળીયા તેમજ આસપાસના ગામોના ગ્રામીણોએ લીધો હતો. આ કેમ્પનું ઉદ્‌ઘાટન જિલ્લા પંચાયત સભ્ય હીમતભાઈ દેત્રોજા દ્વારા કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં ડાયાબિટીસ, બીપી, ચક્ષુરોગ સહિત વિવિધ રોગોનું નિદાન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત, આ કેમ્પમાં આયુષ્યમાન કાર્ડ અને આધાર કાર્ડ બનાવવાની સુવિધા પણ ઉપલબ્ધ હતી. આ કેમ્પ દરમિયાન વૃક્ષારોપણ કાર્યક્રમ પણ યોજાયો હતો. આ કેમ્પમાં મોટા દેવળીયા, ગમાપીપળીયા, ત્રંબોડા, ફુલઝર, ધરાઈ, બળેલ પીપળીયા, ખીજડીયા કોટડા, વાવડી અને જીવાપર સહિતના ગામોના દર્દીઓએ લાભ લીધો હતો. આ કેમ્પનું આયોજન જિલ્લા પંચાયત આરોગ્ય વિભાગ દ્વારા કરવામાં આવ્યું હતું. કેમ્પમાં મેડિકલ ઓફિસર જલ્પાબેન સહિત આરોગ્ય વિભાગના સ્ટાફે સેવા આપી હતી. આ તકે તાલુકા ભાજપ મહામંત્રી રાજુભાઈ વિરોજા, સરપંચ હસુભાઈ વાળા, મહેશભાઈ જાવીયા, પ્રવિણભાઈ દાફડા, નાગરાજભાઈ વાળા, ઉપ સરપંચ સહિત ગામના લોકો અને ગ્રામ પંચાયતના સભ્યો મોટી સંખ્યામાં હાજર રહ્યાં હતાં.

**આ કેમ્પમાં ડાયાબિટીસ, બીપી, ચક્ષુરોગ સહિત વિવિધ રોગોનું નિદાન કરવામાં આવ્યું હતું**

# રાજુલા હોમગાર્ડ સ્ટાફ દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું

રાજુલા, તા.૧૭

રાજુલા તાલુકા હોમગાર્ડઝ કચેરી રાજુલાના ઓફિસર કમાન્ડિંગ અજયસિંહ બી.ગોહિલના માર્ગદર્શન દ્વારા જુલાઈ માસની પરેડ નિમિત્તે પર્યાવરણ, પ્રકૃતિને ધ્યાનમાં રાખી વૃક્ષારોપણનો કાર્યક્રમ મારૂતિ ધામ ખાતે રાખવામાં આવ્યો હતો. તે કાર્યક્રમમાં પ્લાટુન સાર્જન્ટ અલારખભાઈ એ.કાદરી, ક્લાર્ક



તસવીર : ગોપાલ રાઠોડ

ભાભલુભાઈ ધાખડા અને તાલુકા યુનિટના તમામ એન.સી.ઓ. અને હોમગાર્ડઝ જવાનો પરેડમાં હાજર રહ્યા હતા તેમ ઓફિસર કમાન્ડિંગ અજયસિંહ બી.ગોહિલની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# ગમા પીપળીયામાં ૮૦ વર્ષથી ચાલતી શ્વાન માટે લાડુ ભોજનની અનોખી પરંપરા

**સેવાભાવી ભાઈઓએ અષાઢી બીજના આગલા દિવસે એકઠા થઈને આશરે ૧૫૧ કિલો લાડુ બનાવ્યા**

ગમા પીપળીયા,તા.૧૭

અમરેલી જિલ્લાના ગમા પીપળીયા ગામની એક અનોખી પરંપરા છે જે ૮૦ વર્ષથી ચાલી રહી છે. દર વર્ષે અષાઢી બીજના દિવસે, ગામના લોકો શ્વાનો (કૂતરા) માટે ખાસ લાડુ બનાવીને તેમને ખવડાવે છે. આ વર્ષે પણ, ગામના સેવાભાવી



ભાઈઓએ અષાઢી બીજના આગલા દિવસે એકઠા થઈને આશરે ૧૫૧ કિલો લાડુ બનાવ્યા હતા. આ લાડુ ગામની શેરીઓ અને વાડીઓમાં રહેતા તમામ શ્વાનોને ખવડાવવામાં આવ્યા હતા.

**રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ગત વર્ષે લેવાયેલ સેકન્ડરી સ્કોલરશીપ પરીક્ષામાં**

# અમરેલી જિલ્લામાં ઓક્સફર્ડ સ્કૂલના ચાર વિદ્યાર્થીઓ ટોપ-૪માં

**જિલ્લાના કુલ 37 વિદ્યાર્થીઓમાંથી પ્રથમ ચાર વિદ્યાર્થીઓ ઓક્સફર્ડ સ્કૂલના**









અમરેલી,તા.૧૭

ગુજરાત રાજય પરીક્ષા બોર્ડ દ્વારા ગત વર્ષે સેકન્ડરી સ્કોલરશીપ પરીક્ષા લેવાયેલ હતી. જેનું પરિણામ તાજેતરમાં જાહેર થયું. જેમાં સમગ્ર અમરેલી જિલ્લામાંથી કુલ ૩૭ વિદ્યાર્થીઓ મેરીટમાં આવેલ છે. જેમાં ૨૦૦ ગુણમાંથી ઠાકર અનામીકાએ ૧૮૦ ગુણ, રામોલીયા સોહમએ ૧૭૮ ગુણ, ચત્રોલા સ્મિતએ ૧૭૩ ગુણ અને ગજેરા યુગએ ૧૬૭ ગુણ મેળવી જિલ્લાના ટોપ ચાર રેન્કર બનેલ છે. આ પરિણામ બદલ શાળા પરિવારે તમામ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

# રોહિસા ગામે મહિલાની છેડતી કરી જાનથી મારવાની ધમકી આપી

જાફરાબાદ, તા.૧૭

જાફરાબાદના રોહિસા ગામે એક મહિલાનું બાવડું પકડી, છાતીએ હાથ રાખીને છેડતી કરવામાં આવી હતી. ઉપરાંત તેમના પુત્રનો મોબાઈલ તોડી નાંખ્યો હતો અને તેના બહેન તથા ભાભીને ઢીકાપાટુ માર્યા હતા. બનાવ અંગે રાજુબેન ઉર્ફે રાજીબેન ભીખુભાઈ વાઘેલાએ રાકેશભાઈ ભીમાભાઈ વાઘેલા, મનોજ ઉર્ફે ટાઈગર ચુડાસમા, છગનભાઈ વાઘેલા, મહેશભાઈ વાઘેલા, જીણુબેન વાઘેલા તથા ભાવેશભાઈ ભીમાભાઈ વાઘેલા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના દિકરા નરેશભાઈ સાથે આરોપીઓએ અગાઉનું જુનુ મનદુઃખ રાખી ભુંડા બોલી ગાળો આપી શરીરે જેમ ફાવે તેમ ઢીકાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. રાકેશભાઈ વાઘેલાએ તેમના દિકરા નરેશભાઈના બંન્ને હાથ ઉપર લોખંડનું પાનું મારી મુંઢ ઈજા કરી હતી. મનોજ ચુડાસમાએ તેનું બાવડું પકડી છાતીએ હાથ રાખી છેડતી કરી હતી. ઉપરાંત તેમના દિકરા નરેશભાઈનો મોબાઈલ ફોન તોડી કિ.રૂ.૭,૦૦૦નું નુકશાન કર્યુ હતું. તેમજ તેમના મોટા બહેન દિવાળીબેન તથા ભાભી સમજુબેનને પણ શરીરે ઢીકાપાટુનો મુઢમાર મારી તથા ગાળો આપી હતી.










**યા હુસૈનના નારા સાથે મુસ્લિમ બિરાદરો દ્વારા કલાત્મક તાજીયા જુલૂસ કાઢવામાં આવ્યુ**

# અમરેલી જિલ્લામાં મોહરમ પર્વની ઉજવણી કરાઈ

**છબીલનું આયોજન સહિત હિન્દુ-મુસ્લિમની એકતાના દર્શન થયા, પોલીસનો ચુસ્ત બંદોબસ્ત**

અમરેલી,તા.૧૭

અમરેલી સહિત સમગ્ર જિલ્લામાં ગઈકાલે આશુરાના દિવસે મુખ્ય માર્ગો પર તાજીયાના ભવ્ય જુલૂસ નીકળ્યા હતા. જેમાં મોટી સંખ્યામાં મુસ્લિમ બિરાદરો જોડાયા હતા. બાદમાં રાત્રે તાજીયા ઠંડા થયા હતા. ઈસ્લામ ધર્મના સ્થાપક પૈગમ્બર હઝરત મોહમ્મદ મુસ્તફા (સ.અ.વ.)ના નવાસા હઝરત ઈમામ હુસેન અને તેના ૭૨ સાથીદારોએ વ્હોરેલી શહાદતની યાદમાં મુસ્લિમ સમાજ દ્વારા મનાવાતા મોહરમના પર્વમાં ગઈકાલે શહેરના માર્ગો પર બપોરથી તાજીયાના જુલૂસ નીકળ્યા હતા. જેમાં મુસ્લિમ બિરાદરોએ હેરતભર્યા પ્રયોગો રજૂ કર્યા હતા. તાજીયાના જુલૂસમાં ઠેર ઠેર ન્યાઝ અને છબીલ વડે સ્વાગત કરવામાં આવ્યું હતું. પૈગમ્બર હઝરત મોહમ્મદ મુસ્તફા (સ.અ.વ.)ના નવાસા



હઝરત ઈમામ હુસેન (ર.અ.) અને તેમના ૭૨ સાથીઓની શહાદતની યાદમાં ઉજવણી કરી હતી. બુધવારે જિલ્લાના વિવિધ વિસ્તારોમાં જુલૂસ નીકળ્યા હતા. મોહરમ પર્વ નિમિત્તે અમરેલી શહેર અને જિલ્લામાં મુસ્લિમ બિરાદરો દ્વારા તાજીયા જુલૂસ કાઢવામાં આવ્યા હતા જે શહેરોના વિવિધ માર્ગો પરથી પસાર થયા હતા. અમરેલી શહેર ઉપરાંત રાજુલા, બાબરા, ધારી, સાવરકુંડલા, લાઠી સહિતના ગામોમાં જુલૂસ કાઢવામાં આવ્યા હતા. બુધવારે મોહરમ પર્વ નિમિત્તે અમરેલી તેમજ વિવિધ શહેરોમાં બપોરે તાજિયાનું જુલૂસ કાઢવામાં આવ્યું હતું. રાત્રિના તાજીયાને ઠંડા કરવામાં આવ્યા હતા. યા હુસૈન..યા હુસૈન..ના નારા સાથે વ્યાયામના ખેલાડીઓએ લાઠી દાવ, તલવારબાજી સહિતના વિવિધ કરતબો કર્યા હતા. તાજિયાના જુલૂસમાં જોડાનાર લોકોનું ઠેર-ઠેર ઠંડા પાણી, શરબત, ઠંડા પીણાઓથી સ્વાગત કરવામાં આવ્યું હતું. જુલૂસ દરમિયાન હિન્દુ-મુસ્લિમ કોમી એકતાના દર્શન થયા હતા. અમરેલી જિલ્લા પોલીસ દ્વારા વિવિધ શહેરોમાં પુરતો બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

# દામનગર શહેરમાં શ્વાને ચાર દિવસમાં બે વાછરડી ફાડી ખાધી

દામનગર, તા.૧૭

દામનગર શહેરમાં શ્વાને હાહાકાર મચાવ્યો છે. છેલ્લા ચાર દિવસમાં બે વાછરડી ઉપર હુમલો કરતા થયેલ મોતથી અરેરાટી ફેલાઈ ગઈ છે. દામનગર નગરપાલિકાની હદમાં અલગ - અલગ વિસ્તારોમાં રઝળતા પશુઓની હાલત દયાજનક બની ગઈ છે. ખાસ કરીને સરદાર સર્કલ ચોકમાં અડિંગો જમાવીને



બેસી રહેતા હોય, પસાર થવું લોઢાના ચણા ચાવવા જેવું મુશ્કેલ બની જાય છે. શહેરમાં છેલ્લા ચારેક દિવસમાં ૧૧૧ - પ્લોટ વિસ્તારમાં શ્વાનોએ બે વાછરડીને ગળાના ભાગે બચકાં ભરી લેતા તેમનું મૃત્યુ થતાં, પશુ પ્રેમીઓમાં ગમગીની ફેલાઈ ગઈ હતી. શ્વાનો ટુવ્હીલ અને ફોર વ્હીલ વાહનોને બચકા ભરવાના ઈરાદે દોડતાં હોય, ગભરાટ ફેલાતો હોવાથી સંબંધિત તંત્રએ કાર્યવાહી કરવી જોઈએ તેવી માંગ ઉઠી છે.


**ડ્રીમ ફેમિલી સ્પા – ધમાકા ઓફર**

Appointment Now Mo.8160832025




ભાઈઓ માટે Rs.1499/- માં પ્રિમીયમ મસાજ
એક સાથે એક ફ્રી (એક જમા રહેશે) ૬૦ મિનીટ (૧ કલાક)

બહેનો માટે Rs.699/- માં પ્રિમીયમ મસાજ

કપલ માટે Rs.1299/- માં પ્રિમીયમ મસાજ

અયોધ્યા એપાર્ટમેન્ટ, ગ્રાઉન્ડ ફ્લોર, B વિભાગ, રોયલ એમેઝોન પાર્કની બાજુમાં અમરેલી.


# મોટા ઉજળા અને ધારીમાં વીજશોકથી બેનાં મોત : એક ગંભીર રીતે ઘાયલ

અમરેલી, તા.૧૭

અમરેલી પંથકમાં વીજશોકની બે ઘટનામાં બે લોકોના કરૂણ મોત નિપજ્યા હતા. વડીયાના મોટા ઉજળા ગામે રહેતા બાબુભાઈ કરમશીભાઈ સખવાલાએ જાહેર કર્યા મુજબ, શંભુભાઈ કરમશીભાઈ સખવાલાએ વાડીએ ઓરડી બનાવવાનું કામ ગામના સોહમભાઈ નાગજીભાઈ ચૌહાણને આપ્યું હતું. મૃતક તથા સોહમભાઈ ચૌહાણ બંને બાજુની જૂની ઓરડીમાં રાખેલ ઈલેક્ટ્રીક વીજ મીટર હોય ત્યાં લાઈટ ચાલુ કરવા કે લાઈટ રીપેરીંગ કરવા ગયેલ હોય તે વખતે બંનેને ઈલેક્ટ્રીક શોક લાગતા પ્રથમ કુંકાવાવ સરકારી દવાખાને સારવારમાં લઈ જતા ફરજ પરના ડોક્ટરે શંભુભાઈને તપાસીને મૃત જાહેર કર્યા હતા. ઉપરાંત સોહમભાઈને વધુ સારવાર અર્થે ખસેડ્યા હતા. ધારીના પ્રેમપરામાં રહેતા ખીમજીભાઈ મથુરભાઈ ભાલીયા (ઉ.વ.૪૨)એ જાહેર કર્યા મુજબ, તેમના પિતા મથુરભાઈ નરશીભાઈ ભાલીયા (ઉ.વ.૬૭) વાડીએ ઈલેક્ટ્રીક મોટરની ઓરડીમાં ફ્યુઝના નીચેના ભાગે પ્લગ ફીટ કરતા હતા ત્યારે અકસ્માતે ઈલેક્ટ્રીક શોક લાગતા ધારી સરકારી હોસ્પિટલમાં સારવારમાં લાવતા મરણ પામ્યા હતા.

## અવસાન નોંધ

**ડોળાસા**

સ્વ. નંદલાલ રણછોડદાસ છગ (ઉ.વ.૬૭)નું તા.૧૭/૭ના રોજ અવસાન થયેલ છે. તે યોગેશભાઈ, ધરતીબેન, અવિતકુમાર કક્કડ (રાજકોટ હાલ આફ્રિકા), ડો.કોમલબેન અને વિરલબેન (રાજકોટ) ના પિતા થાય અને ભરતભાઈ (બોડીદરા)ના મોટાભાઈ થાય છે. તેમનું ઉઠમણું અને પિયર પક્ષની સાદડી તા.૧૮/૭ના રોજ સાંજે ૩થી ૫ નાગનાથ મંદિર, બસ સ્ટેશનની બાજુમાં ડોળાસા ખાતે રાખેલ છે.

**ડોળાસા**

સ્વ. વર્ષાબેન (જયશ્રીબેન) જયસુખભાઈ પોપટ (વેરાવળ) (ઉ.વ.૫૮)નું તા.૧૪/૭ના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. તે વિશાલભાઈ અને શ્રુતિબેન રાજકુમાર કાનાબાર (કેશોદ) ના માતુશ્રી તેમજ ડોળાસાવાળા સ્વ. ગોવિંદભાઈ દેવચંદભાઈ રાયચુરાના પુત્રી અને રમેશભાઈ અને મનોજભાઈના બેન થાય છે. તેમનું બેસણુ તા.૧૮/૭ના રોજ સાંજે ૪થી ૬ કોમ્યુનિટી હોલ ગોંદરા ચોક જલારામ મંદિર પાસે ડોળાસા ખાતે રાખેલ છે.

**રાજકોટ**

સ્વ.પ્રભાબેન રતીભાઈ વડગામાનું તા. ૧૪/૭ના રોજ અવસાન થયેલ છે. તે રતીભાઈ મોહનભાઈ વડગામાના ધર્મપત્ની અને સ્વ. લક્ષ્મણભાઈ સુંદરજીભાઈ બામરોલીયાના દિકરી તથા સ્વ. હરેશભાઈ, પંકજભાઈ, મુકેશભાઈ, મીનાબેન હસમુખભાઈ ગજ્જર, રેખાબેન શાંતીલાલ સંચાણીયાના માતુશ્રી થાય તથા ક્યુરભાઈ, અમિતભાઈ, હિતેનભાઈ, વિનિતભાઈ, ડો. ત્વરાના દાદીમા થાય છે. તેમનુ બેસણું તા. ૧૮/૭ના રોજ સાંજે ૪થી ૬ કલાકે, હેમુ ગઢવી હોલ, ટાગોર રોડ, રાજકોટ મુકામે રાખેલ છે.

**રાજકોટ**

મૂળ ગામ ભાયાવદર, હાલ રાજકોટ, સ્વ અમૃતલાલ લાધાભાઈ અમૃતિયાના ધર્મપત્ની, પ્રદેશ ભાજપ કારોબારી સભ્ય શ્રી દિનેશભાઈ અમૃતિયા, અશોકભાઈ,બીપીનભાઈ, અને પરેશભાઈના માતુશ્રી અને આનંદભાઈ તથા પ્રજ્વલભાઈના દાદીમા સ્વ.લાભકુંવરબેન અમૃતલાલ અમૃતિયા(ઉ.વ.૮૬)નું તા.૧૭/૦૭/૨૦૨૪ના અવસાન થયુ છે. તેમનું બેસણું તા. ૧૯/૦૭/૨૦૨૪, શુક્રવારે પેરેડાઈઝ બેંક્વેટ હોલ, રૈયા રોડ, બાપા સીતારામ મંદિર પાસે, ચંદન પાર્ક મેઈન રોડ,રાજકોટ ખાતે સવારે ૦૮:૦૦ થી ૧૦:૦૦ કલાક સુધી રાખવામાં આવ્યું છે.

## પાંચમી વાર્ષિક પુણ્યતિથિ શ્રદ્ધાંજલી



વહાલના વડલા જેવું આપનું જીવંત અસ્તિત્વ, આજે અમારી વચ્ચે નથી, પણ વાદળાની શીતળ છાંયા સમા સંસ્કારો, સ્નેહ, સમર્પણ, સંઘર્ષ અને સકારાત્મક જીવનશૈલી અમારા માટે આશિર્વાદ રૂપ છે. પરમ કૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના...

**સ્વ. ભરતભાઈ આલજીભાઈ દાફડા**
જન્મ તા.૧-૦૬-૧૯૮૦ , સ્વ તા. ૧૮-૭-૨૦૧૯

લી.

દાફડા કાન્તાબેન -મમ્મી
દાફડા આલજીભાઈ -પપ્પા
દાફડા અરૂણાબેન - પત્ની
દાફડા ઈશિતા - દિકરી
ચાવડા લીલાબેન -બેન
ચાવડા કરશનભાઈ -બનેવી
ચાવડા નિશા -ભાણેજ
ચાવડા મિલન -ભાણેજ

દાફડા પરિવાર -જયભીમ- ગજેરાપરા, અમરેલી


**વી. કે. મોટર્સ**

VK MOTORS Giving you joy of Best Ride...
MARUTI SUZUKI | HONDA | TOYOTA | Ford | HYUNDAI

CAR SERVICE <> SPARE <> INSURANCE



તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે. ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા

તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.

વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, યામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail : kanpariyavipul4025@gmail.com




**માતૃશ્રી સ્વ. ધનબાઈબા જગુબાપુ ભગત (ઉ.વ. ૯૫)**

અષાઢ સુદ ૧૧ ને બુધવાર તા.૧૭ - ૦૭ - ૨૦૨૪ ના રોજ સ્વર્ગવાસ પામેલ છે. પરબના પીર તેમના દિવ્ય આત્માને શાંતિ આપે તેવી પ્રાર્થના.

**પ્રાર્થના સભા**
તા. ૨૦ / ૭ / ૨૦૨૪ શનિવાર સવારના
૮:૦૦ થી સાંજના ૫:૦૦ વાગ્યા સુધી
શ્રી માંડણપીરધામ (જુની જગ્યા)
સત દેવીદાસબાપુની જન્મભુમી, મોટા મુંજીયાસર

લી.

પ.પુ. મહંત શ્રી નારદબાપુ (માંડણપીરધામ) (પુત્ર)
શ્રી ભવુબાપુ જગુબાપુ ભગત (પુત્ર)
શ્રી ભાયાભાઈ નાગબાપુ ભગત (પુત્ર)
ભગત શ્રી અશોકભાઈ નારદબાપુ પરમાર (પૌત્ર)
ભગત શ્રી પ્રકાશભાઈ નારદબાપુ પરમાર (પૌત્ર)
ભગત શ્રી વિપુલભાઈ નારદબાપુ પરમાર (પૌત્ર)
ભગત શ્રી ભરતભાઈ ભવુબાપુ પરમાર (પૌત્ર)


KAKA® PVC PROFILE

શ્રેષ્ઠ ક્યારેય સસ્તુ ન હોય, સસ્તુ ક્યારેય શ્રેષ્ઠ ન હોય.

નિર્મળ સાવલીયા ૯૮૭૯૬ ૬૭૭૭૧
સંજય સાવલીયા ૯૯૭૯૯ ૪૨૪૪૨


**શ્રી વલ્લભ એન્ટરપ્રાઈઝ**

કિચેન કેબિનેટ | માળીયા | ટી.વી. કેબિનેટ
વોલ પેનેલિંગ | સીલીંગ | પી.વી.સી. દરવાજા
ફાયદા : ઉધઈ પ્રુફ, પાણીનો કોઈ અસર નહિ

પીવીસી પતરા ઓર્ડર પ્રમાણે મળશે

ઓછા સમયમાં અસરકારક પ્રતિસાદ આધુનિક યુગનું એક આધુનિક પગલું

૪૬ સરદાર શોપિંગ સેન્ટર, જિલ્લા પંચાયત રોડ, અમરેલી



# બગસરા પાલિકાના સફાઈ કામદારોની હડતાળની ચીમકી: ૩ માસથી પગારવિહોણા

બગસરા તા.૧૭

બગસરા નગરપાલિકા દ્વારા સફાઈ કામદારોને પગાર ના આપતા તેમજ તેમની માંગણીઓ ન સંતોષાતા સફાઈ કામદારોએ ફરી આક્રમક મૂડમાં આવીને પાલિકા કચેરીનો ઘેરાવ કર્યો હતો. પાલિકાને સફાઈ કામદારો દ્વારા અલ્ટિમેટમ આપવામાં આવ્યું હતું કે જો અમારી માગણી સંતોષવામાં નહીં આવે તો ૧૮ તારીખથી અમો તમામ સફાઈ કામદારો દ્વારા શહેરની સફાઈ બંધ કરી હડતાલ ઉપર ઉતરી કામ બંધ કરી દેવામાં આવશે. પાલિકા દ્વારા સફાઈ કામદારોને છેલ્લા ત્રણ માસનો પગાર ફરી ચડતર થઈ ગયો છે તેમજ જૂની માંગણીઓ સંતોષવામાં આવી એવું કહી પાલિકા દ્વારા મામલો થાળે પડેલ હતો પરંતુ હજુ સુધી કોઈપણ પ્રકારની કામગીરી ન કરવામાં આવતા સફાઈ કામદારો દ્વારા પાલિકા કચેરીનો ઘેરાવ કરીને અલ્ટિમેટમ આપવામાં આવ્યું હતું.



# મા.શાળા મોટા લોઠપુર ખાતે ધોરણ ૯-૧૦ની કિશોરીઓનું હિમોગ્લોબિન ટેસ્ટ કરાયું

રાજુલા, તા.૧૭

અલ્ટ્રાટેક સિમેન્ટ ગુજરાત સિમેન્ટ વના સીએસઆર વિભાગ દ્વારા મહિલાઓ અને કિશોરીઓના આરોગ્યને ધ્યાને રાખીને તેમના સર્વાંગી વિકાસ માટે વિવિધ કાર્યક્રમો અવારનવાર આયોજિત થતા રહે છે. જેમાં નવતર પ્રયોગો દ્વારા કિશોરીઓ અને મહિલાઓને પોતાના સ્વાસ્થ્ય અંગે જાગૃત કરવામાં આવે છે. અલ્ટ્રાટેક સિમેન્ટ ગુજરાત સિમેન્ટ વર્ક્સના સીએસઆર વિભાગ દ્વારા સરકારી માધ્યમિક શાળા મોટા લોઠપુરમાં ૨૦ જૂન ૨૦૨૪ના રોજ કિશોરીઓના સ્વાસ્થ્યની જાળવણીને ધ્યાને રાખીને હિમોગ્લોબીન ટેસ્ટીંગ કેમ્પ આયોજિત કરવામાં આવ્યો. કિશોરીઓના સારા સ્વાસ્થ્ય માટે સીએસઆર અલ્ટ્રાટેક સિમેન્ટ કોવાયા તથા ૦૧૧૦ નાગેશ્રી એમ સાથે મળીને સંલગ્ન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં ૪૪ જેટલી કિશોરીનું હિમોગ્લોબીન ટેસ્ટીંગ સીએસઆર સેન્ટર દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં એનેમીયા ગ્રસ્ત ૧૨ કિશોરીઓને પીએચસી નાગેશ્રી દ્વારા ટેબ્લેટ્સ અને યોગ્ય આહાર અને આરોગ્યની જાળવણી અંગે સલાહ આપવામાં આવી હતી.



# બગસરાની શાળા નં. ૪માં ફાયર અંગે સમજણ અપાઈ



બગસરા,તા.૧૭

બગસરાની શાળા નં.૪માં પાલિકાના ફાયર બ્રિગેડના સ્ટાફના ભીખુભાઈ સોલંકી સહિતનાએ ફાયર અંગે બાળકોને માર્ગદર્શન આપ્યુ હતું. ધરતીકંપ, આગ કે અતિવૃષ્ટિ સમયે શું કાળજી લેવી તે અંગે બાળકોને માહિતગાર કરવામાં આવ્યા હતા. આ તકે શિક્ષકો, બાળકો મોટી સંખ્યામાં હાજર રહ્યાં હતા.

# વડીયા તાલુકા મધ્યાહન ભોજન યોજના કર્મચારી મિટિંગમાં હોદ્દેદારોની વરણી

**કર્મચારીઓ માટે હોદ્દેદારોની સર્વસંમતિથી વરણી કરવામાં આવી**

અમરેલી,તા.૧૭

અમરેલી જિલ્લાના વડીયા તાલુકાના મોટી કુંકાવાવ ગામમાં મધ્યાહન ભોજન યોજના કર્મચારીઓની એક મહત્વપૂર્ણ મિટિંગ યોજાઈ હતી. મિટિંગમાં તાલુકાના મધ્યાહન ભોજન યોજના કર્મચારીઓ માટે હોદ્દેદારોની સર્વસંમતિથી વરણી કરવામાં આવી હતી. સેજલબેન એમ. કાથરોટીયાને તાલુકા પ્રમુખ, ખોડાભાઈ સોલંકીને ઉપપ્રમુખ અને અરૂણાબેન ગઢીયા, મીનાક્ષીબેન હીરાણી, નિરૂપાબેન રાછડીયા, સ્મીતાબેન પીઠડીયા, ગીતાબેન દેવાકર અને મીનાબેન દાફડાને કારોબારી સભ્ય તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા.




**તાઇવદર ગામે પત્નીના મોત બાદ પતિને ક્યાંય ગમતું નહોતું**

# 'તમારી પત્નીનો મોહ રહી ગયો હશે તેની વિધિ કરવી પડશે' કહી ઠગે યુવક પાસેથી ઘરેણા પડાવી લીધા

**છ મહિના પછી મટકી ખોલશો એટલે શાંતિ થશે કહ્યું**

બાબરા, તા.૧૭

બાબરાના તાઈવદર ગામે રહેતા એક યુવકની પત્નીના મોત બાદ તેને ક્યાંય ગમતું નહોતું. જેથી તે મંદિરો અને આશ્રમમાં જતો હતો. આ દરમિયાન એક ઠગનો તેને ભેટો થઈ ગયો હતો. જેણે તમારી પત્નીનો મોહ રહી ગયો હશે તેમ કહી વિશ્વાસમાં લઈ ૬૦ હજારના ઘરેણા વિધિમાં મૂકવાના બહાને પડાવી લીધા હતા. બનાવ સંદર્ભે તાઈવદર ગામના જગાભાઈ ઘોહાભાઈ ગોલાણી (ઉ.વ.૩૧) એ ભાવનગરના નિલેષભાઈ વ્યાસ સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ, તેમના પત્ની તા.૨૩/૧૧/૨૦૨૨ ના રોજ મરણ પામ્યા હતા. જેથી તેમને ખૂબ જ આઘાત લાગ્યો હતો અને તેઓની પત્નીના મૃત્યુથી ક્યાંય ગમતું ન હતું. આ દરમિયાન અમરાપરા પે. સેન્ટર પાસે આવેલ ખોડીયાર માતાજીના મંદિરે આરોપી નિલેશ વ્યાસ નામની વ્યક્તિ સાથે મુલાકાત થઈ હતી. આરોપીએ પોતે હોમ હવન અને વિધિઓ કરે છે તેમ જણાવી વિશ્વાસમાં લીધા હતા. જે બાદ તેમણે પોતાની તકલીફ વિશે આરોપીને જણાવતા ૧૩ કુંવારી બાળાઓને ભોજન કરાવે તો તેના મનને શાંતિ થશે, તેવું કરવા છતાં કોઈ ફરક પડ્યો નહોતો. જેથી આરોપીએ તેમને પત્નીનું સોનાનું ઘરેણું ઘરમાં હોય જેમાં તમારી પત્નીનો મોહ રહી ગયેલ હશે તેની વિધિ કરવી પડશે તેમ કહી પત્નીના ઘરેણા, બે જોડી બુટી, કાનમાં પહેરવાની સોનાની ચેઈન, ગળામાં પહેરવાનું માંદળીયું જે તમામ ઘરેણા એક નાની મટકીમાં રખાવી તેમાં પૂજાની સામગ્રી નાખી એક લીંબુ નાખી તેમને બહારથી સિગારેટ લઈ આવવાનું કહ્યું હતું. તેઓ બહાર સિગારેટ લેવા જતા આ મટકીમાં રાખેલ સોનાના ઘરેણા આરોપીએ રાખી લઈ મટકા ઉપર કપડું બાંધી દઈ બાદ સિગારેટ લઈ આવતા તેમને કહ્યું કે, આ મટકુ તમારે ખોલવાનું નથી છ મહિના પછી ખોલશો એટલે મનને શાંતિ થશે.

આમ વિશ્વાસમાં લઈ તેમના રૂ. ૬૦ હજારની કિંમતના સોનાના ઘરેણા આરોપીએ લઈ જઈ ઠગાઈ અને વિશ્વાસઘાત કર્યો હતો.

# હામાપુર ગામમાં ૩૨૫, વાઘણીયા ગામમાં ૧૬૭ લાભાર્થીએ આરોગ્ય કેમ્પનો લાભ લીધો

બગસરા, તા.૧૭

જિલ્લા વિકાસ અધિકારી અમરેલી તથા મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી અમરેલીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા પંચાયત અમરેલી તેમજ આરોગ્ય સમિતિ અમરેલી હેઠળ બગસરા તાલુકામાં આવતી જિલ્લા પંચાયત સીટ મુજબ સર્વ રોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં હામાપુર અને જુના વાઘણીયા સીટનો સમાવેશ થાય છે, જે મુજબ સર્વ રોગ નિદાન કેમ્પમાં બગસરા તાલુકાના પદાધિકારી હાજર રહ્યા હતા. હામાપુરમાં કુલ ૩૨૫ અને જુના વાઘણીયામાં ૧૬૭ લાભાર્થીએ આરોગ્ય કેમ્પનો લાભ લીધો હતો. જેમાં નવા ૨૨ જેટલા આયુષ્માન આરોગ્ય કાર્ડ કાઢી આપવામાં આવ્યા હતા અને ૬ જેટલા કાર્ડ રીન્યુ કરી આપ્યા હતા. ૮ જેટલા આભા કાર્ડ કાઢી આપવામાં આવ્યા હતા. તેમજ ડાયાબિટીસ, બ્લડ પ્રેશરની તપાસ કરી આપવામાં આવી હોવાનું તાલુકા હેલ્થ ઓફિસર બગસરા ડો. ડી.બી. બલદાણીયાની યાદીમાં જણાવાયું છે.



# અમદાવાદની પરિણીતાના ખરાબ ફોટા બનાવી વાયરલ કર્યાની ફરિયાદ

**અમરેલી સાયબર ક્રાઈમે તપાસ શરૂ કરી**

અમરેલી, તા.૧૭

સોશિયલ મીડિયા બેધારી તલવાર જેવું છે, ઘણા લોકો તેનો સદઉપયોગ કરતા હોય છે તો અમુક લોકો બીજાને નીચા દેખાડવા કરતા હોય છે. અમદાવાદમાં રહેતી એક પરિણીતાએ અમરેલી સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, ફેક ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ ધારક વાપરનારે ઈન્સ્ટાગ્રામનાં માધ્યમથી તેમના ફોટાનો દૂરઉપયોગ કરી, બદઈરાદે ફોટામાં તેમનું નામ સરનામું લખી ખરાબ ફોટો બનાવીને તેમની પ્રતિષ્ઠાને હાનિ પહોચાડવા, સમાજમાં બદનામ કરવાના બદઈરાદે આ ખરાબ ફોટા વાયરલ કર્યા હતા. અમરેલી સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનના પી.આઈ. વી.એમ.કાલોદરા વધુ તપાસ કરી રહ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૦, તિથિ:બારસ
તા. ૧૮-૦૭-૨૦૨૪, ગુરૂવાર, સૂર્યોદય-૦૫:૩૪, સૂર્યાસ્ત-૦૭:૧૯, જૈન નવકારશી-૮-૧૦, નક્ષત્ર: જ્યેષ્ઠા

## દૈનિક રાશિફળ

તા.૧૮-૦૭-૨૦૨૪ ગુરૂવાર

- મેષ: આજે તમે લોકોમાં પ્રિય બનશો. તમારામાં વિશેષ આકર્ષણ રહેશે. કાયમી મિલકત સંબંધિત ક્ષેત્રોમાં સારા લાભ થશે.
- વૃષભ: ભાગ્યની દ્રષ્ટિએ આજનો દિવસ સારો રહેશે. જો થોડા દિવસોથી શરીરમાં કોઈ સમસ્યા છે તો તેમાં સુધારો થશે.
- મિથુન: આજે તમારા કાર્યક્ષેત્રના શત્રુઓ વધુ મજબૂત થશે. આજે તમારામાં નિર્ભયતાની ભાવના રહેશે. તમે નિર્ભયતાથી તમારા કાર્યો કરી શકશો.
- કર્ક: આજે બુદ્ધિ અને જ્ઞાન વધશે. તમારા પૂરા પ્રયત્નોથી ઇચ્છા પૂર્ણ થશે. નિયમ દ્વારા તમારું સન્માન થવાની પ્રબળ સંભાવના છે.
- સિંહ: જો તમે વિદ્યાર્થી છો તો તમારી શૈક્ષણિક દિશા બદલાશે. શિક્ષણ પ્રત્યે તમારી રુચિ વધશે. આજે તમે નવા કાર્યો શીખવામાં સફળ થશો.
- કન્યા: આજે તમારે તે વાતનું પૂરું ધ્યાન રાખવું જોઈએ કે સામેની વ્યક્તિને ખરાબ ના લાગે. આજે તમારી વર્તણૂકને પણ ધ્યાનમાં રાખો.
- તુલા: આજે આવક કરતા વધુ ખર્ચ થશે. તમે તમારી ધૈર્ય અને પ્રતિભાથી દુશ્મનની બાજુએ વિજય મેળવવામાં સફળ થશો.
- વૃશ્ચિક: આજે તમારે કોઈ કારણ વિના નાના ભાઈ-બહેનોના અસહકારનો ભાગ બનવું પડશે. ભૌતિક આરામ પર ખર્ચા વધુ થશે.
- ધન: આવક વધારવાના પ્રયત્નો ૧૦૦ ટકા સફળ થશે. શ્રેષ્ઠ માર્ગ દ્વારા પ્રાપ્ત થતા ભંડોળમાં વધારો થશે. આજે તમને દરેક ક્ષેત્રમાં લાભ મળશે.
- મકર: આજે તમારામાં પરોપકાર અને દાનની લાગણી વધવા માંડશે. આત્મવિશ્વાસના આધારે કરવામાં આવેલ પ્રયત્નો સફળ થશે.
- કુંભ: આજે તમારી પોતાની સંપત્તિમાં વધારો થશે. સાસુ-સસરા તરફથી અને પત્નીના પક્ષ તરફથી સંપૂર્ણ સહયોગ મળશે.
- મીન: આજે પૂર્વજો પાસેથી સંપત્તિ મળવાની સંભાવના છે. આ સિવાય આજે તંત્ર-મંત્ર પ્રત્યેની રુચિ પણ વધી શકે છે. પુણ્યની કામગીરીમાં રાતનો સમય વિતાવશો.

# મોટી કુંકાવાવમાં બોલાચાલીના મનદુ:ખમાં બબાલ: સામસામી ફરિયાદ

**ગાળો બોલીને જાનથી મારવાની ધમકી આપી**

વડીયા, તા.૧૭

વડીયાના મોટી કુંકાવાવ ગામે બોલાચાલીના મનદુ:ખમાં બે પક્ષોમાં બબાલ થઈ હતી. બંને પક્ષોએ એકબીજા સામે ગાળો બોલીને જાનથી મારવાની ધમકી આપ્યાની ફરિયાદ નોંધાવી હતી. બનાવ સંદર્ભે અજમલભાઈ ભીખાભાઈ માથાસુળીયા (ઉ.વ.૫૦)એ મનીષભાઈ બકાભાઈ વાઘેલા, હિંમતભાઈ દાજીભાઈ વાઘેલા, બકાભાઈ મનજીભાઈ વાઘેલા સહિત આઠ લોકો સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, મનીષભાઈ વાઘેલાને તેમના દિકરા અંકિત જાહેર બજારમાં મળતા તેની સાથે બોલાચાલી કરી માથાકૂટ કરી હતી. જે બાબતે તેમણે ઠપકો આપતા આરોપીઓને સારૂ નહી લાગતા લોંખડના પાઈપો, લાકડીઓ તથા છરી સાથે ધસી આવીને માર માર્યો હતો. ઉપરાંત તેમના પુત્રને છરીના ઘા મારી ઈજા પહોંચાડી હતી. આરોપીઓએ એક સાથે મળી અને તેમને તથા તેમના પત્ની, પુત્રવધૂ તથા બન્ને પુત્રોને હથિયારો વતી આડેધડ માર મારી શરીરે મુંઢ ઈજાઓ કરી, ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જે બાદ મનીષભાઈ બકાભાઈ વાઘેલા (ઉ.વ.૨૩) એ અંકિતભાઈ અજમલભાઈ માથાસુળીયા, અજમલભાઈ ભીમાભાઈ માથાસુળીયા તથા વિજયભાઈ અજમલભાઈ માથાસુળીયા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, અંકિતભાઈ માથાસુળીયા તેમને મોટી કુંકાવાવ બસ સ્ટેશન પાસે રૂબરૂ મળતા તેની સાથે સામાન્ય બોલાચાલી કરી જતો રહ્યો હતો. જે બાદ આરોપીઓએ લોંખડના પાઈપ લઈ આવી શરીરે મુંઢમાર માર્યો હતો. જે બાદ તેઓ પોતાના રહેણાંક મકાન પાસે બજારમાં પોતાના પરિવારના સભ્યો સાથે ઉભા હોય તે દરમિયાન ત્રણેય આરોપીઓ આવી તેમને તથા જગદીશભાઈ રાણકુભાઈ વાઘેલા, હિંમતભાઈ દાજીભાઈ તથા પ્રકાશ કિશોરભાઈને લોંખડના પાઈપ વતી માથાના ભાગે તેમજ શરીરે આડેધડ માર મારી, ગાળો બોલી, જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

# મોણવેલ ગામના ખેડૂતનો પાક વેચીને પૈસા ન ચૂકવ્યા

ધારી, તા.૧૭

ધારીના મોણવેલ ગામના એક ખેડૂતનો માલ વેચાતો રાખી લઈ પૈસા નહીં ચૂકવીને વિશ્વાસઘાત કર્યો હતો. બનાવ સંદર્ભે અશ્વિનભાઈ હંસરાજભાઈ ડાવરાએ હર્ષદભાઈ ઉર્ફે લાલો વજુભાઈ ઢોલરીયા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે આરોપીએ ખેતીવાડીનો માલ (પાક) વેચાતો રાખી લઈ તેમને તથા સાહેદોને વિશ્વાસમાં લઈ કુલ કિં.રૂ.૯,૮૩,૨૭૮ નહીં ચુકવી વિશ્વાસઘાત છેતરપિંડી કરી હતી.


**-// તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ - કોડીનારની કોર્ટમાં //-**

નં.જન્મ/કેસ/રજી.નં.૨૭/૨૦૨૪

**પ્રતિ**
શ્રી ભાણાભાઈ નથુભાઈ સોલંકી ...અરજદાર
રહે.વેળવા, ગામ-વેળવા, તાલુકો-કોડીનાર, જિલ્લો - ગીર સોમનાથ

**વિરૂધ્ધ**
રજીસ્ટ્રારશ્રી (જન્મ -મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, વેળવા, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ...સામાવાળા

**-જાહેર નોટીસ-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના **વેળવા** ગામના રહીશ **શ્રી ભાણાભાઈ નથુભાઈ સોલંકીની પુત્રી ઉજીબેન ભાણાભઈ સોલંકીનો** જન્મ **૧૯૬૮માં** કોડીનાર તાલુકાના **વેળવા** ગામ ખાતે થયેલ છે. જેની જન્મની નોંધ **કોડીનાર તાલુકાના વેળવા ગામના સને ૧૯૬૮ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે.** જે નામ જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા. ૨૨/૦૭/૨૦૨૪ના રોજ ૧૧:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.
આજ તા. ૦૬/૦૭/૨૦૨૪ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

**સહી**
**(એન.જી.રાદડીયા)**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ કોડીનાર**



**//- તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ - કોડીનારની કોર્ટમાં //-**

નં.મરણ/ કેસ/રજી.નં.૧૪/૨૦૨૪

**પ્રતિ**
શ્રી ભીખાભાઈ બચુભાઈ જેઠવા ...અરજદાર.
મું. વેલણ, હાલ. ડાબીવલી,તા.કલ્યાણ, જિ. થાણે, મુંબઈ
વકીલશ્રી, **પી.પી.વાઘેલા તથા બી.એન. વાઘેલા,** રહે.કોડીનાર

**વિરૂધ્ધ**
રજીસ્ટ્રારશ્રી (જન્મ -મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી ગ્રામ પંચાયત કચેરી, વેલણ, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ....સામાવાળા.

**-જાહેર નોટીસ-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના વેલણ ગામના રહીશ **શ્રી ભીખાભાઈ બચુભાઈ જેઠવાના દાદાશ્રી બોઘાભાઈ વિરાભાઈ જેઠવાનું** મરણ તારીખ **૨૨/૧૨/૧૯૮૪** ના રોજ કોડીનાર તાલુકાના વેલણ ગામ ખાતે થયેલ છે. જેની મરણની નોંધ **કોડીનાર તાલુકાના વેલણ ગામના સને ૧૯૮૪ના મરણ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે.** જે નામ મરણ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા. ૨૨/૦૭/૨૦૨૪ના રોજ ૧૧:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.
આજ તા. ૦૬/૦૭/૨૦૨૪ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

**સહી**
**(એન.જી.રાદડીયા)**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ,કોડીનાર**



**-// તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ - કોડીનારની કોર્ટમાં //-**

નં.જન્મ/કેસ/રજી.નં.૨૯/૨૦૨૪

**પ્રતિ**
શ્રી સુરેશભાઈ કરશનભાઈ ચાવડા ...અરજદાર
રહે.કોટડા, ગામ-કોટડા, તાલુકો-કોડીનાર, જિલ્લો - ગીર સોમનાથ

**વિરૂધ્ધ**
રજીસ્ટ્રારશ્રી (જન્મ -મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, કોટડા, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ...સામાવાળા

**-જાહેર નોટીસ-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના **કોટડા** ગામના રહીશ **શ્રી સુરેશભાઈ કરશનભાઈ ચાવડાના ભાઈ ચાવડા રમેશ કરશનનો** જન્મ **તા.૦૧/૦૬/૧૯૭૯માં** કોડીનાર તાલુકાના **કોટડા** ગામ ખાતે થયેલ છે. જેની જન્મની નોંધ **કોડીનાર તાલુકાના કોટડા ગામના સને ૧૯૭૯ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે.** જે નામ જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા. ૨૨/૦૭/૨૦૨૪ના રોજ ૧૧:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.
આજ તા. ૦૬/૦૭/૨૦૨૪ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

**સહી**
**(એન.જી.રાદડીયા)**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ કોડીનાર**

તંત્રી લેખ

# આગામી સપ્તાહથી સંસદના ચોમાસુ સત્રનો પ્રારંભ

ચોમાસુ સત્ર આગામી સપ્તાહથી શરૂ થઈ રહ્યું છે ત્યારે એવી આશા રાખવામાં આવી રહી છે કે તમામ પક્ષો સાથે મળીને આ સત્રને સફળતાપૂર્વક આગળ વધારીને પ્રજાહિતના કાર્યો તથા બજેટને સારી રીતે પસાર થવા દેશે પરંતુ અત્યારથી જ વિરોધ પક્ષોના વલણને જોતા આ સત્ર તોફાની બની રહે તેવી પૂરી શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે. સંસદનાં ચોમાસુ સત્રનો આરંભ આગામી સોમવારથી થવાનો છે. જેમાં મોદી સરકાર પોતાના ત્રીજા કાર્યકાળનું પ્રથમ બજેટ રજૂ કરવાની છે. એ પહેલા કેન્દ્ર સરકારે ૨૧મી જુલાઈ એટલે કે રવિવારે સર્વપક્ષીય બેઠક બોલાવી છે. સંસદના સત્રના આરંભ પહેલા તમામ પક્ષના નેતાઓ સાથે યોજાતી સરકારની આ પરંપરાગત બેઠકમાં પહેલીવાર વિપક્ષના નેતા તરીકે કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધી પણ સામેલ થશે.

તૃણમૂલ કોંગ્રેસના તેમના પક્ષ તરફથી કોઈપણ પ્રતિનિધિ આ બેઠકમાં જોડાશે નહીં કારણ કે ૨૧ જુલાઈએ તૃણમૂલ શહીદ દિવસ મનાવતો હોય છે. ઉલ્લેખનીય છે કે, ૨૧ જુલાઈએ તૃણમૂલ ૧૨ કોંગ્રેસ સમર્થકોની યાદમાં શહીદ દિવસ મનાવે છે જે ૧૯૯૩માં રાજ્યના સચિવાલય રાઈટર્સ બિલ્ડિંગ સુધી કૂચ કાઢી રહ્યા હતા ત્યારે પોલીસના ગોળીબારમાં મૃત્યુ પામ્યા હતા. મમતા બેનરજી એ વખતે કોંગ્રેસની યુવા પાંખના પ્રદેશ પ્રમુખ હતા. બીજીવાર કોંગ્રેસના ગૌરવ ગોગોઈ લોક્સભામાં પક્ષના ઉપનેતા રહેશે. આ ફેંસલા વિશે એક પત્રમાં લોક્સભા અધ્યક્ષ ઓમ બિરલાને મોકલી દેવામાં આવ્યો છે. અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિ (એઆઈસીસી)ના સંગઠન મહામંત્રી કેસી વેણુગોપાલે જણાવ્યું હતું કે, ગોગોઈ લોકસભામાં પક્ષના ઉપનેતા હશે જ્યારે કેરળથી ૮ વખતના સાંસદ કે. સુરેશ પાર્ટીના મુખ્ય સચેતક રહેશે. આ વખતના ચોમાસુ સત્રમાં બજેટ અંગેની ચર્ચા થશે જે અંગેની તૈયારીઓ પૂર્ણ થવા આવી છે. સંસદીય કાર્યમંત્રી કિરણ રિજ્જીજુએ ૨૧મી જુલાઈએ સવારે ૧૧ વાગ્યે સર્વપક્ષીય બેઠક બોલાવી છે. ૨૨મી જુલાઈથી લોકસભાના ચોમાસા સત્રની શરૂઆત થશે ને બજેટ પણ રજૂ થવાનું છે. નાણામંત્રી નિર્મલા સીતારામન વિવિધ ક્ષેત્રની વ્યક્તિઓને મળી રહ્યા છે. કોર્પોરેટ ક્ષેત્રની વ્યક્તિઓએ નાણામંત્રીને મળીને વ્યક્તિગત ટેક્સ ઘટાડવાની માંગણી કરી છે. આર્થિક વિકાસદર વધારવા માટે એમએસએમઈ (સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ)ને મજબૂતી બક્ષે એવું આયોજન બજેટમાં કરવાની માંગણી પણ થઈ છે. મોદી- ૩.૦ સરકારના પહેલા બજેટમાં રોજગારી, મોંઘવારી, ફૂગાવો વગેરે સમસ્યાને ધ્યાનમાં લઈને વિરોધ પક્ષો દ્વારા ઉગ્ર દેખાવો પણ સંસદમાં થઈ શકે છે. ભાજપ કબુલે છે કે ઉત્તરાખંડમાં આયાતી ઉમેદવારોને કારણે હાર થઈ. ઉત્તરાખંડમાં વિધાનસભાની બે બેઠકો પરની પેટા ચૂંટણીમાં ભાજપની ખરાબ રીતે હાર થઈ છે. બંને બેઠકો પર કોંગ્રેસની જીતને કારણે ભાજપના નેતાઓ દુઃખી થઈ ગયા છે. હારનું વિશ્લેષણ કરવામાં આવી રહ્યું છે. હાર માટે ભાજપના અલગ અલગ નેતાઓ અલગ અલગ કારણ આપે છે. ઉત્તરાખંડના ભાજપ અધ્યક્ષનું કહેવું છે કે, બીજા પક્ષોમાંથી આવેલાઓને ટિકિટ આપવાની ભૂલ ભાજપે કરી એને કારણે હાર મળી છે.

# આતંકવાદ સામેના સતત ચાલતા યુદ્ધમાં હાર-જીતનો સવાલ



પ્રાસંગિક
સુરેશ દેસાઈ

ભારત આઝાદ થયું ત્યારથી સતત આતંકવાદ સામે ઝઝૂમી રહ્યું છે. એક બાજુ પાકિસ્તાન તરફી આતંકવાદીઓ તો બીજી બાજુ નક્સલવાદનો તે સામનો કરી રહ્યું છે. આજની તારીખે આતંકવાદનો સૌથી મોટો પડકાર માત્ર ભારત માટે જ નહીં પરંતુ વિશ્વના બધા દેશો સામે મોઢું ફાડીને ઉભો છે. ભારત આતંકવાદને જરા પણ સમર્થન આપતું નથી અને જમ્મુ કાશ્મીરમાં આતંકવાદીઓની હરકતોનો જડબાતોડ જવાબ ભારતીય સેના આપી રહી છે. ત્રાસવાદને મુદ્દે પાકિસ્તાન અને ઈરાન અલગ પડી રહ્યા છે. પાકિસ્તાન તરફથી આતંકવાદીઓના જમ્મુ કાશ્મીર પરના હુમલાઓ વધી રહ્યા છે ત્યારે ઈરાન અને પાકિસ્તાન વચ્ચેનો તણાવ ચરમસીમાએ પહોંચ્યો છે.

આતંકવાદને પાળીને મોટો કરનાર અમેરિકા છે. અમેરિકાએ જ વિશ્વભરની અંદર પોતાનું વર્ચસ્વ કાયમ રાખવા માટે ત્રાસવાદનો હથિયાર તરીકે ઉપયોગ કર્યો અને એ જ ત્રાસવાદનો નાનકડો નાગ આજે એનાકોન્ડા જેવો બનીને અમેરિકા સહિતના દેશોને ડરાવી રહ્યો છે બીજી બાજુ વિશ્વમાં રશિયા સામે નાટો દેશો પડકાર બનીને ઊભા છે જ્યાં રશિયા-યુક્રેન યુદ્ધ બંધ થવાનું નામ નથી લેતું. આ બાજુ પશ્ચિમ એશિયામાં પણ ઈઝરાયેલના હુમલા અટકતા નથી તેનો એક જ હેતુ છે આતંકવાદનો સફાયો કરો. કોઈપણ ભોગે આતંકવાદને કચડી નાખવા માટે ઈઝરાઈલ દ્રઢનિશ્ચયી છે.

આવી જ સ્થિતિ આજે પાકિસ્તાન સહન કરી રહ્યું છે. પાકિસ્તાને આતંક ફેલાવવાને મામલે ઈરાનને સાથ - સહકાર આપીને મોટુ કર્યું એ જ ઈરાને પાકિસ્તાનના બલુચિસ્તાનમાં આતંકી સંગઠન જૈશ-અલ-અદલને નિશાન બનાવીને મિસાઈલ અને ડ્રોન હુમલાં કરી તબાહી મચાવી હતી તેને એક મહિના ઉપરનો સમય થયો પછી પણ ઈરાન પાકિસ્તાન પર એક યા બીજા પ્રકારે નાના મોટા હુમલા કરી રહ્યું છે. આમ ઈરાન અને પાકિસ્તાનના આતંકવાદી જૂથો આમને-સામને આવેલા છે બંને વચ્ચેનો સંઘર્ષ વધી રહ્યો છે. બલુચિસ્તાનમાં થયેલા અલગ દેશ માટેના આંદોલન સમયે ઈરાન અને પાકિસ્તાને ભેગા થઈને એને કચડી નાખ્યું હતું. આજે બંને દેશો સામ-સામે આવી ગયા છે અને એકબીજા પર આરોપ લગાવી રહ્યાં છે કે કેટલાક ઉગ્રવાદી જૂથ સતત સરહદ પાર આતંકવાદમાં સંડોવાયેલા છે.

પાકિસ્તાનના આતંકીઓની તબાહી ઈચ્છતું ઈરાન પોતે મધ્યપૂર્વમાં અનેક આતંકી સંગઠનો અને અલગાવવાદી જૂથોને પાળી-પોષી રહ્યું છે. ઈઝરાયેલ અને હમાસ વચ્ચેના યુદ્ધના પ્રારંભમાં જે હિઝબલ્લાહનું નામ સૌથી વધુ સંભળાયેલું એ આતંકી સંગઠન ઈરાનની જ દેન છે. એ સિરિયા, યમન સહિતના દેશોમાં અશાંતિ ફેલાવવા માટે કુખ્યાત છે. ઈરાને એક જ સપ્તાહમાં પ્રાદેશિક સીમાઓનું ઉલ્લંઘન કરીને ત્રણ દેશો- ઈરાક, સિરિયા અને પાક. પર હુમલો કર્યો છે. યમનના ઈરાન સમર્થિત હુથી વિદ્રોહી લાલ સમુદ્રમાંથી પસાર થતાં જહાજોને સતત નિશાન બનાવી રહ્યાં છે, જેના કારણે વૈશ્વિક વેપાર પ્રભાવિત થયો છે. ઈરાનની સરહદ અને આંતરિક ભાગો પર થયેલા હુમલામાં જૈશ-અલ-અદલનો હાથ હોવાનું બહાર આવતા તેણે પાકિસ્તાન પર હુમલો કર્યો. યુનિવર્સીટી ઓફ સાઉથ વેલ્સ ઈન્ટરનેશનલ સેન્ટર ફોર પોલીસિંગ એન્ડ સિક્યોરિટીના વિઝિટીંગ ફેલો અનંત મિશ્રાનું નિવેદન છે કે, ઈરાનના મિસાઈલ હુમલા, પાકિસ્તાનના સુન્ની સલાફી આતંકવાદી જૂથના ઈઝરાયેલના જાસૂસી એજન્સી મોસાદ સાથેના ગાઢ સંબંધોનું પરિણામ છે. મોસાદ અને અમેરિકન ઠેકાણાઓને ખતમ કરવામાં પાકિસ્તાન સામે જંગ છેડાયો છે. રાતા સમુદ્રમાં હુથી આતંકીઓએ ઉભા કરેલા સંકટને ઈરાનનું સમર્થન છે, તેના કારણે ઈરાન અને અમેરિકા વચ્ચે ઘર્ષણ વધ્યું છે. અમેરિકાએ ચાંચીયાઓ સામે આક્રમક લશ્કરી કાર્યવાહી શરૂ કરી છે અને તે હુથીને ફરી આતંકવાદી જૂથની યાદીમાં લેવાનું વિચારી રહ્યું છે. ટ્રમ્પે તેનું નામ હટાવી દીધું હતું. વાસ્તવમાં આ લડાઈ સુન્ની અને બે મુસ્લિમ સમુદાયો વચ્ચેની છે. ઈરાન-પાકિસ્તાન વચ્ચેની લાંબી સરહદોનો મોટો ભાગ ઈરાનના સિસ્તાન અને પાકિસ્તાનના બલુચિસ્તાનમાં ફેલાયેલો છે. ઈરાન સિયા બહુમતી ધરાવતો દેશ છે અને સિસ્તાનમાં સુન્ની વસ્તી છે. સુન્ની ત્રાસવાદી ગ્રુપ છે. જૈશ-અલ-અદલ ૨૦૧૨થી અસ્તિત્વમાં આવ્યું અને ૨૦૧૩થી ઈરાની દળો પર હુમલાઓ શરૂ થયાં. ૨૦૨૩માં મધ્ય ઈરાનના એક પોલીસ સ્ટેશન પર કરેલા હુમલામાં ૧૧ ઈરાની પોલીસકર્મીઓ માર્યા ગયા હતા. આ સંગઠનની ફિલસૂફી છે કે એ ઈરાનના સિસ્તાન અને બલુચિસ્તાન પ્રાંતની સ્વતંત્રતા અને બલૂચ લોકોના અધિકારો માટે લડે છે અને 'આર્મી ઓફ જસ્ટિસ' તરીકે ય ઓળખાય છે. પાકિસ્તાનની ISI એજન્સી આ પ્રકારના સંગઠનો મારફતે ભારત સાથે ય પ્રોક્સી વોર ખેલે છે. પાકિસ્તાન - ઈરાન વચ્ચે માત્ર રાજદ્વારી સંબંધો નથી, વેપાર, સુરક્ષા, ઊર્જા જેવા ક્ષેત્રોમાંય સહયોગ અને ભાગીદારી છે.

આ હુમલો અણધાર્યો એટલે છે કે, પાકિસ્તાની વડાપ્રધાન અને ઈરાની વિદેશ મંત્રીએ તે જ દિવસે દાઓસમાં મિટિંગ કરી હતી. હુમલા બાદ પાકિસ્તાને ઈરાનના રાજદૂતને દૂર કર્યા અને તહેરાનમાંથી પોતાના રાજદ્વારીઓને પાછા બોલાવી લીધા છે. આ દરમિયાન પાકિસ્તાન નજીકની ઈરાની સરહદ પર અજાણ્યા શખ્સો દ્વારા ૯ લોકોની ગોળી મારીને હત્યા થઈ. બીજી તરફ ઈરાની વિદેશમંત્રી હુસેન અમીર દ્વિપક્ષીય વાર્તા માટે પાકિસ્તાન પહોંચ્યા. અંદર અને બહાર જુદા જ ચહેરા અને વ્યવહાર દુનિયાએ જોયા.


સિરિયા, ઈરાક અને પાકિસ્તાન ત્રણેય દેશ પરના ઈરાનના હુમલાને નિષ્ણાતો ઈસ્લામિક સ્ટેટ્સ પરના હુમલાના પરિપ્રેક્ષ્યમાં જોઈ રહ્યાં છે. આ હુમલાઓ મધ્યપૂર્વમાં તણાવને વધારી શકે છે, જે ગાઝા પટ્ટીમાં હમાસ સામે ઈઝરાયેલના યુદ્ધથી પહેલેથી જ પરેશાન છે. શક્યતા નહીંવત હોવા છતાં જો પાકિસ્તાન આતંકીઓના ઈશારે, ISI કે સેનાના સાથ-સહકારથી ગેલમાં આવીને ઈરાન પર હુમલો કરશે તો યુદ્ધની સ્થિતી સર્જાશે. વિશ્વને અત્યારે મધ્યપૂર્વમાં નવા ભડકાની ચિંતા છે. રશિયા - યૂક્રેન યુદ્ધ અને ઈઝરાયેલ – હમાસ યુદ્ધ પછી આ ત્રીજો યુદ્ધ મોરચો ખુલી જશે, જે વૈશ્વિક માહોલ બગાડશે. દાવોસમાં હાલ વર્લ્ડ ઈકોનોમિક ફોરમ ખાતે વિશ્વના ટોચના નેતાઓના અને બિઝનેસમેન આર્થિક મુદ્દે એવા સૂર વહાવી રહ્યાં છે કે આ વર્ષે આર્થિક સ્થિતિ પડકારજનક બની રહેશે. 'પાકિસ્તાન જો આ જ રીતે આતંકવાદીઓનું છૂપી રીતે સમર્થન કરીને બેવડી રમતો રમતું રહેશે તો ઈરાન તેનો જવાબ હજુ વધુ મોટા પાયે આપશે અને માત્ર પાકિસ્તાને જ નહીં, વિશ્વમાં પણ તેની ગંભીર અસરો થશે.' આતંકવાદીઓ અંદરોઅંદર કપાઈ મરે એમાં ભારત જેવા શાંતિપ્રિય દેશને જ મોટો લાભ છે બીજી બાજુ પાકિસ્તાન સહિતના દેશોમાં ભારત વિરોધીઓ ધીમે ધીમે ખતમ થઈ રહ્યા છે માત્ર પાકિસ્તાનમાં જ નહીં પણ કેનેડા સહિતના દેશોમાં ભારત વિરોધીઓ એક પછી એક સાફ થઈ રહ્યા છે તેમાં ભારત સામે કેનેડાએ આંગળી ચિંધી છે કે કેનેડાના નાગરિકનું ભારતના એજન્ટો દ્વારા મોત થયું છે. ભારતે સબૂત માંગ્યા છે જોકે આમાં અમેરિકા પણ ભારતની સામે છે. એક વસ્તુ સ્પષ્ટ છે કે કેનેડા જેવા દેશો આતંકવાદને સમર્થન આપી રહ્યા છે તેનો અમેરિકાએ વિરોધ કરવો જોઈએ પરંતુ તેના આર્થિક હિતો સંકળાયેલા હોવાથી તે સીધો વિરોધ કરી શકે તેમ નથી એ પણ એક હકીકત છે. આજે વિશ્વભરમાં યુદ્ધનો માહોલ છે તેમાં આતંકવાદી જૂથો એકબીજાની સામે લડીને ખતમ થઈ રહ્યા છે.

**આજે વિશ્વમાં આતંકવાદી જૂથો એકબીજાની સામે યુદ્ધે ચડ્યા છે. ઇસ્લામિક સ્ટેટ્સ પર ઈરાનના હુમલાના પગલે વિશ્વ શાંતિનો ભંગ થઈ રહ્યો છે તો બીજી બાજુ આતંકવાદી જૂથો અંદરોઅંદર ખતમ થઈ રહ્યા છે. ઇઝરાઇલ આતંકવાદને કચડી નાખવા માટે સજ્જ છે.**

## માર્કેટયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **અમરેલી (ફ્રૂટ)** | | |
| ચીકુ | ૬૦૦ | ૧૧૦૦ |
| દાડમ | ૬૦૦ | ૧૪૦૦ |
| મોસંબી | ૭૫૦ | ૧૨૦૦ |
| સંતરા | ૧૮૦૦ | ૨૫૦૦ |
| કીવી | ૪૦૦૦ | ૬૦૦૦ |
| ડ્રેગન ફ્રૂટ | ૧૫૦૦ | ૨૪૦૦ |
| કેળા | ૨૫૦ | ૩૪૦ |
| પોપૈયા | ૬૦૦ | ૯૦૦ |
| સફરજન કાશ્મીર | ૨૮૦૦ | ૩૮૦૦ |
| અનાનસ | ૧૩૦૦ | ૧૬૦૦ |
| ખારેક | ૧૦૦૦ | ૧૫૦૦ |
| આલુચા | ૧૦૦૦ | ૨૮૦૦ |
| **ભેસાણ** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૪૦ |
| ઘઉં | ૪૦૦ | ૫૮૧ |
| ચણા | ૧૦૦૦ | ૧૨૯૦ |
| તુવેર | ૯૦૦ | ૧૫૦૦ |
| મગફળી | ૮૦૦ | ૧૭૩૨ |
| શિંગદાણા | ૧૫૦૦ | ૧૭૦૫ |
| શિંગફાડા | ૧૨૮૦ | ૧૪૨૦ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૨૪૬૦ |
| મેથી | ૮૦૦ | ૯૦૦ |
| ધાણા | ૧૦૦૦ | ૧૩૦૫ |
| સોયાબીન | ૭૦૦ | ૮૨૦ |
| **બાબરા** | | |
| કપાસ | ૧૨૯૨ | ૧૫૮૮ |
| મગફળી | ૧૦૮૫ | ૧૧૩૫ |
| જીરૂ | ૪૭૯૫ | ૪૯૨૫ |
| ઘઉં | ૪૯૫ | ૫૧૫ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૨૫૦ |
| ચણા | ૯૦૦ | ૧૨૬૦ |
| ઘઉં લોકવન | ૪૦ | ૪૮૧ |
| ઘઉં ટુકડા | ૪૯૧ | ૫૨૮ |
| ધાણા | ૧૦૯૫ | ૧૨૦૦ |
| મેથી | ૯૧૫ | ૯૧૫ |
| મગ | ૧૪૬૦ | ૧૪૬૦ |
| સોયાબીન | ૭૦૦ | ૮૩૨ |
| તલ સફેદ | ૨૩૦૦ | ૨૪૧૨ |
| શીંગદાણા | ૧૧૫૦ | ૧૫૨૦ |
| શીંગફાડા | ૧૫૬૫ | ૧૫૬૫ |
| મગફળી | ૧૦૭૫ | ૧૦૭૫ |

## શબ્દ સંજોગ-૧૮૩૭



**આડી ચાવી :**
(૧) સોળે સાન અને વીસે.... (૨)
(૪) ધૃતરાષ્ટ્રની પત્ની (૩)
(૬) પતિ-પત્નીનું જીવન (૫)
(૯) ખરી જગ્યાએ, અસલ ઠેકાણે (૨)
(૧૦) શિક્ષણ (૪)
(૧૨) પાસે (૨)
(૧૪) મધમાખીની ભેટ (૨)
(૧૬) રથ (૨)
(૧૮) દિવસ (૨)
(૧૯) એક પક્ષી (૨)
(૨૧) હોજરી (૩)
(૨૪) પુત્રની પત્ની, વહુ (૨)
(૨૫) નિષ્ફળ ન નીવડે તેવું અમોઘ (૪)
(૨૭) અખતરો, ઉપયોગ (૩)
(૨૯) પગ (૨)
(૩૦) ધનુષની દોરી (૩)
(૩૨) વૃતિ, મનનું વળવું તે (૩)

**ઊભી ચાવી :**
(૧) કપાળ, લલાટ (૨)
(૨) નાગું (૨)
(૩) એક ગુજરાતી મહિનો (૩)
(૪) પાસે, કબજામાં (૨)
(૫) ધારણ કરનારું (૩)
(૭) વાદ અને સ્વાદ માટેનો અવયવ (૨)
(૮) નમેલું, નીચું (૨)
(૧૧) લક્ષ્મી, સુંદર સ્ત્રી (૨)
(૧૩) ઝાંઝર (૩)
(૧૪) દારૂ (૩)
(૧૫) એક રાશિ (૨)
(૧૭) સેના, સૈન્ય (૨)
(૨૦) મીઠું (૩)
(૨૨) ફળનું કઠણ બીજ (૩)
(૨૩) શ્રી કૃષ્ણનું એક નામ (૨)
(૨૫) એક ફળ (૩)
(૨૬) માનતા, આખડી (૨)
(૨૭) જવું તે, પ્રસ્થાન (૩)
(૨૮) જવું, ચાલવું તે (૩)
(૨૯) જૂઠું બોલવુ એ .. છે (૨)
(૩૦) વૃક્ષની ત્વચા (૨)

## શબ્દ સંજોગ-૧૮૩૬ જવાબ

**આડી ચાવી:** (૧) છત્તીસગઢ (૪) ગગન (૬) ગજલ (૭) લગલગ (૧૦) કંદોઈ (૧૨) જરા (૧૩) બલ (૧૪) ખારો (૧૫) મલતબ (મતલબ) (૧૭) વાલ (૧૬) કરેણ (૨૦) માન (૨૧) હાંફ (૨૨) પાસ (૨૩) ખાસ (૨૪) ભાતીગઢ (૨૫) હા (૨૬) ડીન.
**ઊભી ચાવી:** (૧) છગલ (૨) સકલ (૩) ઢગ (૪) ગલકંબલ (૫) નવાઈ (૮) ગગરો (૯) ગજવેલ (૧૧) દોલત (૧૪) ખાલિક (૧૫) મનન (૧૬) બરફ (૧૭) વાણ (૧૯) રેવતી (૨૦) માસ (૨૧) હાંસડી (૨૨) પાળ.

# સેબી માર્કેટમાં નવી પ્રોડક્ટ લઈને આવશે

મુંબઈ,તા.૧૭



માર્કેટ રેગ્યુલેટર SEBI એક નવી માર્કેટ પ્રોડક્ટ લઈને આવી રહી છે. આ પ્રોડક્ટ મ્યુચ્યુઅલ ફંડ અને પોર્ટફોલિયો મેનેજમેન્ટ સર્વિસ (PMS) વચ્ચે હશે. તે એવા રોકાણકારો માટે લાવવામાં આવી રહ્યું છે જેઓ વધુ રોકાણ કરી શકે છે અને જોખમ પણ લઈ શકે છે. આ પ્રોડક્ટમાં વ્યક્તિ ૧૦ લાખથી ૫૦ લાખ રૂપિયા સુધીનું રોકાણ કરી શકે છે. SEBI ઈચ્છે છે કે રિટેલ રોકાણકારો આ પ્રોડક્ટથી દૂર રહે. SEBIના ચેરપર્સન માધાબી પુરી બુચે ગયા વર્ષે ડિસેમ્બરમાં એક કાર્યક્રમમાં આ વિચારનો પ્રસ્તાવ મૂક્યો હતો. સિક્યોરિટીઝ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયાના અધ્યક્ષે કહ્યું હતું કે, અમને લાગે છે કે મ્યુચ્યુઅલ ફંડ્સ અને PMS વચ્ચે ક્યાંક વધારાના એસેટ ક્લાસ માટે જગ્યા છે. SEBI સંપૂર્ણપણે નવા એસેટ ક્લાસ પર વિચાર કરી રહી છે. નવી પ્રોડક્ટનું નામ હજુ નક્કી કરવામાં આવ્યું નથી. નવા એસેટ ક્લાસને પહેલાથી જ ઉપલબ્ધ પરંપરાગત રોકાણ ઉત્પાદનોથી અલગ કરવા માટે એક અલગ નામ આપવામાં આવશે. તેમાં સિસ્ટમેટિક ઈન્વેસ્ટમેન્ટ પ્લાન, સિસ્ટમેટિક વિથડ્રોઅલ પ્લાન અને સિસ્ટમેટિક ટ્રાન્સફર પ્લાન પણ રજૂ કરવામાં આવશે. SEBIનું કહેવું છે કે, નવી ઈન્વેસ્ટમેન્ટ પ્રોડક્ટ્સમાં વધુ નાણાં રોકવા પડશે અને જોખમ પણ વધુ રહેશે. લોકો ખોટા જોખમી રોકાણ ન કરે તે માટે આ લાવવામાં આવી રહ્યું છે. નવી પદ્ધતિ ન તો મ્યુચ્યુઅલ ફંડ જેવી હશે કે ન તો ખાનગી સંપત્તિ વ્યવસ્થાપન જેવી, પરંતુ બંને વચ્ચેનો મધ્યમ માર્ગ હશે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, SEBIને લાગે છે કે હાલમાં એવી કોઈ રોકાણ પદ્ધતિ નથી કે જેમાં થોડું વધારે જોખમ લઈને વધુ કમાણી કરી શકાય. જેનો ફાયદો ઉઠાવી લોકોને વધુ નફો આપવાના વચન સાથે છેતરપિંડી કરવામાં આવે છે. તેથી, SEBI એક નવી પ્રોડક્ટ લાવી રહી છે, જે મ્યુચ્યુઅલ ફંડ જેવી જ હશે, પરંતુ તેમાં વધુ જોખમ હશે. આમાં, શેરબજારની કેટલીક એવી પદ્ધતિઓનો પણ ઉપયોગ કરી શકાય છે જેનો ઉપયોગ સામાન્ય રીતે મ્યુચ્યુઅલ ફંડમાં થતો નથી.

# આગામી એક વર્ષ સુધી હજુ સોનાના ભાવ વધે તેવી સંભાવના


મુંબઈ,તા.૧૭

આગામી એક વર્ષમાં સોનાના ભાવમાં વધારો જોવા મળી શકે છે. અમેરિકન ફાઈનાન્શિયલ સર્વિસ ફર્મ સિટીબેંકના રિપોર્ટ અનુસાર ૨૦૨૫ના મધ્ય સુધીમાં સોનાની કિંમત $૩૦૦૦ ( ૨.૫ લાખ) પ્રતિ ઔંસ એટલે કે ૮૮,૪૫૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ સુધી પહોંચી શકે છે. સોનાની વર્તમાન કિંમત ૭૩,૩૩૯ રૂપિયા પ્રતિ કિલોગ્રામ કરતાં ૨૩% વધુ છે. આ રિપોર્ટ અનુસાર અમેરિકન લેબર માર્કેટમાં નબળાઈ અને મંદી જેવા કારણોને કારણે યુએસ સેન્ટ્રલ બેંક ફેડરલ રિઝર્વ વ્યાજ દરોમાં ઘટાડો કરી શકે છે. આ કારણે વર્ષના અંત સુધીમાં સોના અને ચાંદીના ભાવમાં વધારો થઈ શકે છે. આવી સ્થિતિમાં સોનામાં રોકાણ કરવાથી તમને આ સમયે ફાયદો થઈ શકે છે. જો તમે પણ સોનામાં રોકાણ કરવાનું વિચારી રહ્યા છો, તો ગોલ્ડ એક્સચેન્જ ટ્રેડેડ ફંડ અથવા ગોલ્ડ ઈટીએફમાં રોકાણ સારો વિકલ્પ બની શકે છે. તેણે છેલ્લા ૧ વર્ષમાં ૨૪% સુધીનું વળતર આપ્યું છે. આવી સ્થિતિમાં, અમે તમને ગોલ્ડ ETF વિશે જણાવી રહ્યા છીએ. એક્સચેન્જ ટ્રેડેડ ફંડ સોનાના વધતા અને ઘટતા ભાવ પર આધારિત છે. એક ગોલ્ડ ETF યુનિટ એટલે ૧ ગ્રામ સોનું. તે પણ સંપૂર્ણ શુદ્ધ. ગોલ્ડ ઈટીએફ બીએસઈ અને એનએસઈ પર શેરની જેમ ખરીદી અને વેચી શકાય છે. જો કે, તમને આમાં સોનું મળતું નથી. જ્યારે પણ તમે તેમાંથી બહાર નીકળવા માંગો છો, ત્યારે તમને તે સમયે સોનાની કિંમત જેટલી રકમ મળશે.

**૧૦ ગ્રામના સોનાના ભાવ ૭૩ હજારને પાર પહોંચ્યા**

# બજેટમાં કોઈ રાહત નહી મળે તો તેલીબિયાના ઉત્પાદકોને અસર

મુંબઈ,તા.૧૭



દેશમાં ખાદ્યતેલ ઈન્ડસ્ટ્રીઝ છેલ્લા કેટલાક સમયથી ક્રૂડ અને રિફાઈન્ડ ઓઈલ પરના ડ્યૂટી ડિફરન્સના કારણે મુશ્કેલીમાં છે. જો સરકાર બજેટમાં ડ્યૂટી ડિફરન્સ પર ભાર નહિં આપે તો સ્થાનિક ઈન્ડસ્ટ્રીઝ સાથે તેલીબિયા ઉત્પાદકોને પણ મોટી અસર પડી શકે છે. સરકાર તેલીબિયા પાકોમાં આત્મનિર્ભર બનવા તરફ આગળ વધી રહી છે આ લોંગટર્મ વિઝન છે જોકે તેની પોઝિટીવ અસર પડવા લાગી છે. દેશમાં આંધ્રપ્રદેશ અને તેલંગાણા પામતેલના ઉત્પાદન માટે ઉત્તમ સ્થળ છે. આ સાથે સરકાર પામના ઉત્પાદન માટે સબસિડી પણ આપી રહી છે. જેનો ફાયદો આગામી એકાદ દાયકામાં જોવા મળી શકે છે. દેશમાં ખાદ્યતેલનો વપરાશ વાર્ષિક ધોરણે ૫૫ મિલિયન ટનનો રહ્યો છે જેમાંથી ૬૫-૭૦ ટકા આયાતી ખાદ્યતેલ પર આધાર રાખવો પડી રહ્યો હોવાનું એનકે પ્રોટિન્સ પ્રાઈવેટ લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર પ્રિયમ પટેલે જણાવ્યું હતું.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયા, હીરાભાઈ સોલંકી સહિત ભાજપ અગ્રણીઓની હાજરીમાં

# અમરેલી ખાતે સાંસદ ભરતભાઈ સુતરીયાનો સન્માન સમારોહ યોજાયો

અમરેલી,તા.૧૭

અમરેલીના ધારાસભ્ય અને નાયબ દંડક કૌશિકભાઈ વેકરીયા તથા રાજુલા વિધાનસભાના ધારાસભ્ય હીરાભાઈ સોલંકીની ઉપસ્થિતિમાં સાંસદ ભરતભાઈ સુતરિયાનો સન્માન કાર્યક્રમ યોજાયો હતો. સાંસદ ભરતભાઈ સુતરીયાએ પોતાના આગવા અંદાજમાં કાર્યકરોનો જુસ્સો વધાર્યો તથા કાર્યકરોની મહેનતથી થયેલ ભાજપ તરફી મતદાન બાબતે આભાર વ્યક્ત કર્યો હતો. અમરેલી તાલુકા ભાજપ પરિવાર દ્વારા અમરેલી જિલ્લા ભાજપ કાર્યલય ખાતે સાંસદ ભરતભાઈ સુતરીયાના સન્માન સમારોહનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અમરેલીના ધારાસભ્ય અને વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા, રાજુલાના ધારાસભ્ય હીરાભાઈ સોલંકી, જિલ્લા ભાજપના મહામંત્રી ભુપેન્દ્રભાઈ બસીયા, અમર ડેરીના ચેરમેન






અશ્વિનભાઈ સાવલિયા, જિલ્લા પંચાયત ઉપપ્રમુખ સુરેશભાઈ પાથર, બાંધકામ સમિતિ ચેરમેન પ્રતિનિધિ પ્રવીણભાઈ માંગરોળીયા, પ્રદેશ મહિલા ભાજપ અગ્રણી ભાવનાબેન ગોંડલીયા, તાલુકા પંચાયત પ્રમુખ કિશોરભાઈ કાનપરિયા, તાલુકા ભાજપ પ્રમુખ ઘનશ્યામભાઈ ત્રાપસિયા, દિલીપભાઈ સાવલિયા, વનરાજભાઈ કોઠીવાળ સહિત તાલુકાના તમામ સરપંચો, તાલુકા પંચાયતના તમામ સભ્યો, તાલુકા ભાજપ પરિવારના તમામ આગેવાનો તથા કાર્યકર્તા મિત્રો સહિત મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા. આ તકે ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયાએ જણાવ્યું હતું કે, સંગઠનની શક્તિથી જ ઐતિહાસિક લીડ પ્રાપ્ત થઈ છે જેને આવનારા સમયમાં જાળવી રાખવી એ તમામ કાર્યકર્તાઓની વિશેષ જવાબદારી છે. અમરેલીના સાંસદ ભરતભાઈ સુતરીયાએ સન્માનના પ્રત્યુતરમાં આભારની લાગણી વ્યક્ત કરી

**જિલ્લાના વિકાસ માટે કટિબધ્ધ હોવાનું વચન આપતા સાંસદ ભરત સુતરીયા**

હતી તથા અમરેલી જિલ્લાનાં વિકાસ માટે કટિબદ્ધ રીતે કામ કરવાં વચન આપ્યું હતું. તેમજ આવનારા દિવસોમાં અમરેલી સંસદીય મતવિસ્તારના લોકોની સુખ, સુવિધા અને સમૃદ્ધિ માટે કામ કરવા કાર્યકરોને પ્રોત્સાહિત કર્યા હતા.

# કોન્ટ્રાક્ટ બેઈઝથી ભરતી બાબતે પ્રકાશિત સમાચારો અંગે સરકારની સ્પષ્ટતા

ગાંધીનગર, તા.૧૭

કેટલાક સમાચાર માધ્યમોમાં તથા સોશિયલ મીડિયામાં સરકાર દ્વારા વર્ગ ૩ અને વર્ગ ૪ સહિત કોન્ટ્રાકટથી ભરતી થવા અને તેના સ્થાને કાયમી ભરતી કરવા તેમજ સરકારી ભરતીઓમાંથી કોન્ટ્રાકટ પ્રથા દૂર કરવાના સમાચાર પ્રકાશિત થયા હતા. આ બાબતે ગુજરાતના સામાન્ય વહીવટ વિભાગ ગાંધીનગર દ્વારા ગુજરાત સરકાર વતી સ્પષ્ટતા કરવામાં આવી છે અને જણાવાયુ છે કે, આવા સમાચાર સત્યથી વેગળા છે.

સરકાર દ્વારા આ અંગે કોઈ નિર્ણય લેવામાં આવેલ નથી અને કોઈ સૂચના આપવામાં આવી નથી તેમજ આ અંગેની સરકારની હાલની સ્થિતિ યથાવત છે. જેની સર્વ કોઈએ નોંધ લેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

# એટ્રોસિટી એક્ટનો મોટાપાયે દુરુપયોગ થઈ રહ્યો છે : ગુજરાત હાઈકોર્ટ

અમદાવાદ,તા.૧૭

ગુજરાત હાઈકોર્ટે વકીલ દ્વારા તેના પડોશીઓ સામે લગાવવામાં આવેલા એટ્રોસિટીના આરોપોને રદબાતલ કર્યા હતા, આ કેસનું અવલોકન એટ્રોસિટી એક્ટની જોગવાઈઓના 'મોટા દુરુપયોગ'નું ઉદાહરણ હતું જે ફરિયાદીના હાથમાં 'બળવાન હથિયાર' હતું. "ફરિયાદી અનુસૂચિત જાતિના સભ્ય હોવાને કારણે તેના હાથમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ, ૧૯૮૯ના રૂપમાં ખૂબ જ શક્તિશાળી શસ્ત્ર છે. એટ્રોસિટી એક્ટની જોગવાઈઓના ઘોર દુરુપયોગના કેસ કરતાં વધુ સારો કેસ હોઈ શકતો નથી", કોર્ટે એફઆઈઆર રદ કરતી વખતે આદેશમાં નોંધ્યું હતું. એસસી સમુદાયના વકીલ દ્વારા તેના પડોશીઓ વિરુદ્ધ ઓગસ્ટ



૨૦૧૯માં વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનમાં FIR નોંધવામાં આવી હતી. પાડોશીઓ દ્વારા રસ્તા પર પાણી ઠાલવવા સામે વકીલે વાંધો ઉઠાવતાં પડોશીઓ વચ્ચે ઝપાઝપી થઈ હતી. તેને કથિત રીતે માર મારવામાં આવ્યો હતો અને જાતીય દુર્વ્યવહાર કરવામાં આવ્યો હતો. આરોપી સમીર પટેલ અને તેના પરિવારના સભ્યોએ એફઆઈઆર રદ કરવા માટે હાઈકોર્ટનો સંપર્ક કર્યો હતો. એવી દલીલ કરવામાં આવી હતી કે એફઆઈઆરમાં જાતિના દુરુપયોગનો કોઈ સંદર્ભ નથી અને તેની ગેરહાજરીમાં, એટ્રોસિટી એક્ટની અરજી એ કાયદાની પ્રક્રિયાનો દુરુપયોગ છે. કેસની સુનાવણી કર્યા પછી,

**હાઈકોર્ટે એટ્રોસિટીની ફરિયાદ રદ કરી**

જસ્ટિસ ડી.એ. જોશીએ પૂછ્યું કે શું એટ્રોસિટી એક્ટમાં આ ચોક્કસ ફરિયાદના તથ્યો માટે કોઈ અરજી છે, જેમાં ફરિયાદી વિરુદ્ધ આરોપીએ કઈ જાતિના દુરુપયોગનો ઉપયોગ કર્યો છે તે પણ સ્પષ્ટ કર્યું નથી.

# ઉનામાં પડેલા ધોધમાર વરસાદથી રસ્તાઓ પર પાણી વહેતા થયા

ઉના, તા.૧૭

રાજ્યમાં ભારે વરસાદની આગાહી વચ્ચે ઉના પંથકમાં ભારે ઉકળાટ યથાવત રહ્યો છે અને ગત રાત્રીના સમયે બે કલાક ધીમીધારે વરસાદ વરસ્યો હતો. જ્યારે આજે વહેલી સવારથી વરસાદી વાતાવરણનું મંડાણ થયા બાદ ઉના શહેરમાં થોડી વાર પડેલા ધોધમાર વરસાદના કારણે રસ્તાઓ, ગલીઓમાંથી પાણી વહેતા થઈ ગયા હતા અને


તસવીર : કૈલાસ ભટ્ટ

રસ્તા પર કીચડ ગંદકીનું સામ્રાજ્ય સર્જાયું હતું. શહેરમાં વરસાદના પાણીનો ભરાવો અને કીચડ ગંદકી થતા ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ તાત્કાલિક સ્થળ પર પહોંચ્યા હતા અને નગરપાલિકાના સફાઈ કર્મચારીઓને ઘટના સ્થળે બોલાવી સાથે રાખી તાત્કાલિક અસરથી વરસાદી પાણીનો નિકાલ કરાવ્યો હતો.

# સાવરકુંડલા તાલુકા પંચાયત ખાતે વૃક્ષારોપણ કરાયું

સાવરકુંડલા,તા.૧૭



તાલુકા પંચાયત સાવરકુંડલા ખાતે તાલુકા પંચાયત અધિકારી પરમાર રફિકભાઈ, નિમાવતભાઈ, બાંધકામ શાખાના અશોકભાઈ કુરેશી, ન્યાય સમિતિના મહિલા સભ્ય, તાલુકા પંચાયત સ્ટાફ, જીરા ગામના મહિલા સરપંચ દક્ષાબેન ધર્મેશભાઈ ચોડવાડીયા અને ઓળિયા ગામના સરપંચ નરેશભાઈ દેવાણી સહિતના મહાનુભાવોની હાજરીમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

# રાજુલામાં મોહરમની આઠમી રાત્રે એકતા સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો

રાજુલા,તા.૧૭

રાજુલા શહેરના અબ્બાસી હોલમાં ખોજા શિઆ ઈસ્ના અસરી સમાજ દ્વારા મોહરમની આઠમી રાત્રે હઝરત ઈમામ હુસેનની શહાદત નિમિત્તે શ્રદ્ધાંજલિ કાર્યક્રમ યોજાયો હતો. દર વર્ષની જેમ આ વર્ષે પણ આઠમી રાતના રોજ એકતા સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો. આ કાર્યક્રમમાં હઝરત અબ્બાસની શહાદતને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી અને પંજાનું જુલૂસ કાઢવામાં


તસવીર : ગોપાલ રાઠોડ

આવ્યું હતું. આ પ્રસંગે પૂર્વ ધારાસભ્ય અંબરીષ ડેર, બકુલભાઈ વોરા, જીજ્ઞેશભાઈ ત્રિવેદી, મહેન્દ્રભાઈ ધાખડા, સંજયભાઈ ધાખડા, દિપકભાઈ ઠક્કર, અક્ષયભાઈ ધાખડા, રવીરાજભાઈ ધાખડા, આરીફભાઈ જોખીયા, રાજુભાઈ જોખીયા, કિશોરભાઈ ધાખડા સહિત હિન્દુ-મુસ્લિમ સમાજના આગેવાનો અને પત્રકારો હાજર રહ્યા હતા.

# ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ ખેડૂતોની મુશ્કેલીનો ઉકેલ લાવવા મુખ્યમંત્રીને કરી રજૂઆત

**ઇ-ધરા સોફ્ટવેરમાં ૭-૧૨માં ફેરફાર કરવામાં ખેડૂતોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે**

અમરેલી,તા.૧૭

લાઠી-બાબરાના ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ ખેડૂતોને રેવન્યુ રેકર્ડ ૭/૧૨માં ફેરફાર કરવામાં આવી રહેલી મુશ્કેલી અંગે રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને રજૂઆત કરી છે. આ બાબતે ખેડૂતોની મુશ્કેલીનો અંત આવે તે અંગે પત્ર પાઠવ્યો છે.

લાઠી-બાબરાના ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ મુખ્યમંત્રીને લખેલા પત્રમાં જણાવ્યું છે કે, હાલમાં ગામ નમુના નં. ૬માં નોંધ દાખલ કરીને ૭/૧૨માં ફેરફાર કરવામાં આવે છે. જોકે, ઘણી વખત પુરાવામાં ખામી હોવાથી



આ નોંધો નામંજૂર કરવામાં આવે છે. જેના કારણે ખેડૂતોને નાયબ કલેક્ટર કચેરીમાં અપીલ કરવાની ફરજ પડે છે અને ખેડૂતોની કામગીરીમાં ખુબ જ લાંબો સમય વિતે છે. તળાવીયાએ ભલામણ કરી છે કે ઈ-ધરા કેન્દ્રના સોફ્ટવેરમાં ફરીથી રદનું ઓપ્શન મૂકવામાં આવે જેથી પુરાવામાં ખામી હોય તેવી નોંધો રદ કરી શકાય અને ખેડૂતો ફરીથી નવી નોંધ દાખલ કરી શકે. વધુમાં ધારાસભ્યએ જણાવ્યું હતું કે આ બાબતે અધિકારીઓને જરૂરી સૂચનાઓ આપવા પણ મુખ્યમંત્રીને વિનંતી કરી છે.

# બગસરાનાં વોર્ડ નંબર ૧ માં સફાઈ કામદારોની મનમાની, લોકોમાં રોષ

બગસરા, તા.૧૭

બગસરાનાં નટવર નગરમાં રહેતા લોકોમાં સફાઈ કામદારોની મનમાનીને કારણે ભારે રોષ ફેલાયો છે. આક્ષેપ છે કે, સફાઈ કામદારો ફક્ત દેખાવ કરી રહ્યા છે અને ગંદકી સાફ કરવાનું કામ યોગ્ય રીતે કરી રહ્યા નથી. વોર્ડના રહીશો દ્વારા અનેક વખત રજૂઆતો કરવામાં આવી છે કે સફાઈ સુવ્યવસ્થિત રીતે કરવામાં આવે અને કચરો રસ્તા પર ન ઠાલવવામાં આવે. પરંતુ સફાઈ


તસવીર : હાર્દિક બામટા

કામદારો પોતાની મનમાની કરી રહ્યા છે અને ગામનો કચરો અને ગાયોના છાણ મુખ્ય માર્ગો પર ઠાલવી રહ્યા છે. જ્યારે સ્થાનિકો દ્વારા તેમને કચરો અહીં ઠાલવવા ના કહેવામાં આવી ત્યારે સફાઈ કામદારોએ ઉદ્ધતાઈભર્યું વર્તન કર્યું અને કહ્યું કે "તમારે જે કરવું હોય તે કરો, અમે કચરો તો અહીયા જ ઠાલવીશું." આ ઉપરાંત, પાલિકા દ્વારા કચરાના ડબ્બા

**રેઢિયાળ ઢોરના ત્રાસ પર કાબુ મેળવવામાં પાલિકા ઉણી ઉતરી**

મૂકવામાં આવ્યા નથી, જેના કારણે લોકોને કચરો ક્યાં નાખવો તે ખબર નથી પડતી. આ બધી બાબતોથી ગુસ્સે થઈને લોકોએ ચેતવણી આપી છે કે જો સફાઈ યોગ્ય રીતે નહિ કરવામાં આવે તો તેઓ સફાઈ વેરો ભરવાનું બંધ કરી દેશે અને પાલિકા કચેરીનો ઘેરાવ કરશે.

પોલીસ એ પ્રજાના મિત્ર છે તેવું સાર્થક કરતા

# લીલીયા પોલીસના ત્રણ કર્મચારીઓ માનવતાના ઉમદા ઉદાહરણ બન્યા

લીલીયા,તા.૧૭

લીલીયા પોલીસના ત્રણ કર્મચારીઓએ પોતાના કાર્ય દ્વારા સાબિત કરી દીધું છે કે પોલીસ ખરેખર પ્રજાના મિત્ર છે. સંજયભાઈ જીવરાજભાઈ ઈટાલીયા (પોલીસ કોન્સ્ટેબલ) અને ગૌતમભાઈ વલકુભાઈ ખુમાણ (હેડ કોન્સ્ટેબલ) નામના આ બે પોલીસ કર્મચારીઓ છેલ્લા ઘણા વર્ષોથી એક વિકલાંગ પરિવારની સહાય કરી રહ્યા છે. આ પરિવારનો મુખ્ય કમાનાર ગંભીર બીમારીથી પીડાય છે અને પતિ-પત્ની બંને વિકલાંગ છે. તેમના બે નાના બાળકો પણ છે. આ પરિવારની મદદ માટે, આ બંને પોલીસ કર્મચારીઓ દર મહિને તેમને કરિયાણાની કીટ, આર્થિક સહાય, ઘરવખરી અને બાળકોના કપડા જેવી જરૂરી વસ્તુઓ પૂરી પાડે છે. આ ઉપરાંત, લીલીયા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા દિલીપભાઈ જયંતીભાઈ ખૂંટે એક ગરીબ પરિવારની મદદ કરી હતી, જેમનું ઘર તૂટી ગયું હતું અને તેઓ રસ્તા પર રહેવા મજબૂર બન્યા હતા. દિલીપભાઈએ આ પરિવાર માટે નવું ઘર બનાવવા માટે નાણાકીય સહાય એકત્રિત કરી અને તેમણે માનવતાનો ઉમદા દાખલો બેસાડ્યો. આ ત્રણેય પોલીસ કર્મચારીઓના કાર્યો લીલીયા પોલીસ પરિવાર અને સમગ્ર અમરેલી જિલ્લા પોલીસ પરિવાર માટે ગર્વનો વિષય છે.

# ખાલસા કંથારીયા ગામે જૂના મનદુ:ખમાં ખેડૂતને મુંઢમાર માર્યો

**જાનથી મારવાની ધમકી પણ આપી**

જાફરાબાદ, તા.૧૭

જાફરાબાદના ખાલસા કંથારીયા ગામે રહેતા એક ખેડૂતને જૂના મનદુ:ખમાં મુંઢમાર માર્યો હતો. ઉપરાંત જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

બનાવ અંગે અશ્વિનભાઈ નારણભાઈ વેકરીયા (ઉ.વ.૪૮)એ તેમના જ ગામના મયુરભાઈ વલકુભાઈ વરૂ સામે ફરિયાદ નોંધાવી હતી કે, આરોપીએ તેમની સાથે જૂની વાતનું મનદુઃખ રાખી હુડીયા નદીના નાળા પાસે ઉભા રખાવી આડેધડ ઢીકાપાટુનો મુંઢમાર માર્યો હતો.

ઉપરાંત જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. નાગેશ્રી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ પી. એમ. મેવાડા વધુ તપાસ કરી રહ્યા છે.

# ધોરાજીના મહેશનગરમાં વરસાદી પાણીનો ભરાવો થતા ભારે હાલાકી

ધોરાજી,તા.૧૭

ધોરાજી શહેરમાં આવેલા મહેશનગર વિસ્તારમાં ભારે વરસાદ બાદ રસ્તાઓ ઉપર પાણી ભરાતા રહીશોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. અહીં આવેલ ભુખી ચોકડી પાસે મહેશનગરમાં પાણી ભરાવાની સમસ્યા અંગે સ્થાનિક લોકો દ્વારા વારંવાર રજૂઆત પણ કરવામાં આવી છે, પરંતુ કોઈ કામગીરી કરવામાં ન આવતા હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે ત્યારે પાલિકા દ્વારા ડ્રેનેજ લાઈન નાખીને પાણીનો નિકાલ કરવામાં આવે તેવી લોકો દ્વારા માંગ કરવામાં આવી રહી છે.


તસવીર : નયન ફુહાડીયા

સંકુલ સ્કૂલ કોલેજ હોસ્ટેલ - બન્ને મિડીયમ પ્રવેશ
KG થી PG સુધીનું નિવાસી ગર્લ્સ કેમ્પસ - Since 1997
★ બહુજ વ્યાજબી ફીજ માં – વર્ષો થી સુવ્યવસ્થીત શિક્ષણ આપતી સંસ્થા
★ બોર્ડ માં A1 - A2 ગ્રેડમાં અગ્રેસર – યુનિવર્સિટી માં ટોપટેન માં અગ્રેસર
★ ડેઈલી ટેસ્ટ–કોર્સ પૂર્ણ થયે રીપીટેડલી–ત્રિમાસિક–છમાસિક– નવ માસિક પરિક્ષા
★ ખેલકુદ – સાહિત્ય કલા – ગીત સંગીત – સાંસ્કૃતિક & 31st ની સ્પર્ધાઓ
★ NCC-NSS–સ્પોર્ટસ–ઈ લર્નિંગ–ડેમોલેબ–સેમીનાર–DG-RG-IG એક્ટીવીટી
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)
સ્થળ:–શ્રીમતીશાંતાબેનહરિભાઈગજેરાશૈક્ષણિકગર્લ્સસંકુલ(લેઉવા પટેલ),ચક્કરગઢ રોડ -Ad 056

લોકેટ ચેટર્જીએ કહ્યું કે જેમણે મતદાન ન કર્યું હોય તેવા આ મતદારો વિશે અમને સંપૂર્ણ માહિતી મળશે

# પ.બંગાળમાં હિન્દુઓને મતદાનથી વંચિત રાખવા બદલ ભાજપ જનઆંદોલનની તૈયારીમાં

(એ.આર.એલ),કોલકતા,તા.૧૭



આ વખતે લોકસભા ચૂંટણીમાં ભાજપને પશ્ચિમ બંગાળમાં કારમી હારનો સામનો કરવો પડ્યો હતો. પાર્ટી માત્ર ૧૨ સીટો પર જ ઘટી ગઈ હતી જ્યારે તેના નેતાઓ દાવો કરી રહ્યા હતા કે આ વખતે તેઓ જીતશે. બંગાળમાં ઓછામાં ઓછી ૩૦ સીટો જીતશે. તેની વોટ ટકાવારીમાં પણ લગભગ બે ટકાનો ઘટાડો થયો હતો. ભાજપનો આરોપ છે કે બંગાળમાં આ લોકસભા ચૂંટણીમાં લાખો હિન્દુ મતદારોને મતદાન કરતા અટકાવવામાં આવ્યા હતા, જેના કારણે તેને કારમી હારનો સામનો કરવો પડ્યો હતો. તાજેતરમાં યોજાયેલી રાયગંજ પેટાચૂંટણીમાં, પાર્ટીએ આરોપ લગાવ્યો છે કે એક વિશેષ ધર્મના અધિકારીઓ પર ફરજ લાદીને ભાજપને હરાવવા માટે ષડયંત્ર રચવામાં આવ્યું હતું.

પાર્ટી આવા મતદારોના નામ અને સરનામા જાણવાનો પ્રયાસ કરી રહી છે જેમને લોકસભાની ચૂંટણીમાં મતદાન કરવાની મંજૂરી આપવામાં આવી ન હતી. પશ્ચિમ બંગાળના બીજેપી નેતા સુભેન્દુ અધિકારીએ એક વેબસાઈટ લોન્ચ કરી છે અને જે લોકોને વોટિંગ કરવાથી રોકવામાં આવ્યા છે તેઓને તેના પર તેમના નામ અને સરનામા રજીસ્ટર કરવા અપીલ કરી છે. બંગાળમાં રાજકીય હિંસાના વાતાવરણને જોતા આવા લોકોને તેમના નામ અને સરનામા ગુપ્ત રાખવાની ખાતરી પણ આપવામાં આવી છે. ભાજપ પશ્ચિમ બંગાળ સરકાર વિરુદ્ધ મોટા જન આંદોલનની તૈયારી કરી રહ્યું છે.

ભાજપના પૂર્વ સાંસદ અને પશ્ચિમ બંગાળમાં પાર્ટીના મહાસચિવ લોકેટ ચેટર્જીએ કહ્યું કે અત્યારે અમને ચોક્કસ ખબર નથી કે આવા કેટલા લોકોને મતદાન કરવાથી રોકવામાં આવ્યા છે, રાયગંજની ઘટનાને જોતા અમારું અનુમાન છે કે આ સંખ્યા લાખોમાં હોઈ શકે છે. પરંતુ અમે સતત એ જાણવાનો પ્રયાસ કરી રહ્યા છીએ કે આવા મતદારોની વાસ્તવિક સંખ્યા કેટલી છે. લોકો આગળ આવી રહ્યા છે અને તેમના મતદાન અધિકારના ઉલ્લંઘન વિશે માહિતી આપી રહ્યા છે. લોકેટ ચેટર્જીએ કહ્યું કે જેમણે મતદાન ન કર્યું હોય તેવા આ મતદારો વિશે અમને સંપૂર્ણ માહિતી મળશે કે અમે ચૂંટણી પંચ અને કોર્ટ દ્વારા ઉકેલ શોધવાનો પ્રયાસ કરીશું. લોકેટ ચેટર્જીએ આરોપ લગાવ્યો હતો કે મતદાન પછીની હિંસાના મામલે લોકોને હજુ પણ ડરાવવામાં આવી રહ્યા છે. અમે દેશની અદાલતને વિનંતી કરીએ છીએ કે તેઓ આ પરિસ્થિતિને ધ્યાને લે અને લોકોના જીવ બચાવવા રાજ્ય સરકારને યોગ્ય આદેશ આપે.




# મુંબઈમાં એર ઈન્ડિયા દ્વારા ૬૦૦ની ભરતી સામે ૨૫૦૦૦ અરજદારો ઉમટતા નાસભાગના દૃશ્યો સામે આવ્યા

(એ.આર.એલ),મુંબઈ,તા.૧૭

મુંબઈ એરપોર્ટ પર એર ઈન્ડિયા દ્વારા 'એરપોર્ટ લોડર' માટે ભરતી દરમ્યાન નાસભાગ જેવી સ્થિતિ પેદા થઈ હતી. ૬૦૦ પોસ્ટ માટે ૨૫,૦૦૦થી વધુ અરજદારો આવ્યા અને એર ઈન્ડિયાના કર્મચારીઓને ભીડને સંભાળવામાં ઘણી મુશ્કેલીનો સામનો કરવો પડ્યો. વીડિયોમાં જોઇ શકાય છે કે, ફોર્મ કાઉન્ટર સુધી પહોંચવા માટે અરજદારો એકબીજાને ધક્કા મારી રહ્યા છે. નોકરી મેળવવા માટે યુવકો ધક્કામુક્કી કરતા હોય તેવો એક વીડિયો સામે આવ્યો છે. રિપોર્ટ્સ અનુસાર, એર ઈન્ડિયાએ યુટિલિટી એજન્ટની ખાલી પડેલી જગ્યાઓ પર ભરતી માટે વોક-ઈન ઈન્ટરવ્યૂ લીધા હતા. જેમાં હજારોની સંખ્યામાં ઉમેદવારો પહોંચ્યા હતા. કંપનીએ જણાવ્યું કે લગભગ ૨૫,૦૦૦ લોકો ઈન્ટરવ્યૂ માટે આવ્યા હતા, નોકરી મેળવવાનો ધસારો કાબૂ બહાર ગયો. આ પછી કંપનીએ લોકોને તેમના સીવી સબમિટ કરવા અને ત્યાંથી જવાનું કહ્યું. એરપોર્ટ લોડર્સને એરક્રાફ્ટ લોડિંગ-અનલોડિંગ, બેગેજ બેલ્ટ અને રેમ્પ ટ્રેક્ટર ચલાવવાનું કામ સોંપવામાં આવે છે. દરેક એરક્રાફ્ટને સામાન, કાર્ગો અને ખાદ્યપદાર્થોના પુરવઠાને હેન્ડલ કરવા માટે ઓછામાં ઓછા પાંચ લોડર્સની જરૂર પડે છે. એરપોર્ટ લોડરનો પગાર દર મહિને રૂ. ૨૦,૦૦૦ થી રૂ. ૨૫,૦૦૦ ની વચ્ચે હોય છે, પરંતુ મોટાભાગના લોકો ઓવરટાઈમ ભથ્થા પછી રૂ. ૩૦,૦૦૦ કરતાં વધુ કમાય છે. નોકરી માટે શૈક્ષણિક માપદંડ મૂળભૂત છે, પરંતુ ઉમેદવાર શારીરિક રીતે મજબૂત હોવા જોઈએ. ત્યારબાદ જ ઉમેદવારને નોકરી પર રાખવામાં આવે છે. જો કે, થોડાક દિવસો પહેલા ગુજરાતમાં પણ આવી જ સ્થિતિ સામે આવી હતી.

# રાજસ્થાનના નાયબ મુખ્યમંત્રી ધારાસભ્ય દળની બેઠકમાં ગેરહાજર રહેતા તર્ક-વિતર્ક

**ભાજપના વરિષ્ઠ નેતા કિરોડી લાલ મીણાએ તેમના મંત્રી પદ પરથી રાજીનામું આપી દીધું છે**

(એ.આર.એલ),જયપુર,તા.૧૭



શું રાજસ્થાનમાં ભાજપમાં નારાજગી છે? ડેપ્યુટી સીએમ દિયા કુમારીના સ્ટેન્ડ પરથી આ સવાલ ઊભો થયો છે. નાયબ મુખ્યપ્રધાન હોવા છતાં, દિયા કુમારી પ્રથમ રાજ્ય કાર્ય સમિતિની બેઠકમાં ગેરહાજર રહી હતી, ત્યારબાદ તેઓ આજે ભાજપ વિધાનમંડળ દળની બેઠકમાં પણ આવ્યા ન હતા. જો કે દિયા કુમારી વતી કહેવામાં આવ્યું હતું કે તે અંગત કામમાં વ્યસ્ત છે. પરંતુ સૂત્રોના જણાવ્યા અનુસાર તે સરકાર એટલે કે મુખ્યમંત્રી ભજનલાલ શર્માથી નારાજ હોવાનું કહેવાય છે. દિયા કુમારીને લાગે છે કે તેમનું કામ પૂરું થઈ રહ્યું નથી.

તમને જણાવી દઈએ કે જયપુરમાં ભાજપ કાર્યકારિણીની બેઠક યોજાઈ હતી જેમાં આગામી દિવસોમાં સરકાર અને સંગઠન વચ્ચે વધુ સારા સંકલન અને રોડ મેપ દ્વારા કાર્યક્ષમ સંચાલનના ઉદ્દેશ્ય પર ચર્ચા કરવામાં આવી હતી. આ ઉપરાંત પાર્ટીના નારાજ નેતાઓને મનાવવાનો પણ આ પ્રયાસ માનવામાં આવી રહ્યો છે. પરંતુ બેઠકમાં નાયબ મુખ્યમંત્રી દિયા કુમારી અને વરિષ્ઠ નેતા કિરોરી લાલ મીણાની બિન-ભાગીદારી રાજકીય વર્તુળોમાં ચર્ચાનો વિષય બની હતી. આ અંગે રાજકીય નિષ્ણાતો પોતપોતાના અર્થઘટન કરી રહ્યા છે.

જોકે, બાદમાં ખબર પડી કે દિયા કુમારી જયપુરની બહાર છે. આ કારણોસર તે બેઠકમાં ભાગ લઈ શકી ન હતી. પૂર્વ મુખ્યમંત્રી વસુંધરા રાજેએ પણ બેઠકના બપોરના સત્રમાં ભાગ લીધો હતો.

# પ.બંગાળની નહેરમાંથી સિક્કિમના પૂર્વ મંત્રીનો મૃતદેહ મળતા ચકચાર

ગંગટોક,તા.૧૭



સિક્કિમના પૂર્વ મંત્રી આરસી પૌડ્યાલનો મૃતદેહ પશ્ચિમ બંગાળની એક નહેરમાંથી મળી આવ્યો છે. સિક્કિમના પૂર્વ મંત્રી આરસી પૌડ્યાલનો મૃતદેહ નવ દિવસ પછી સિલિગુડી નજીક એક નહેરમાંથી મળી આવ્યો હતો. સિક્કિમ સરકારે આરસી પૌડ્યાલની શોધ માટે એસઆઈટીની રચના કરી હતી. પોલીસે જણાવ્યું કે મંગળવારે સિલિગુડીના ફુલબારીમાં તિસ્તા કેનાલમાં ૮૦ વર્ષીય પૌડ્યાલનો મૃતદેહ તરતો જોવા મળ્યો હતો. પ્રાથમિક દૃષ્ટિએ એવી આશંકા છે કે મૃતદેહ તિસ્તા નદીના ઉપરના ભાગમાંથી વહી ગયો હશે. ઘડિયાળ અને કપડાં પરથી લાશની ઓળખ થઈ હતી. આરસી પૌડ્યાલ ૭ જુલાઈના રોજ પાક્યોંગ જિલ્લામાં તેમના વતન છોટા સિંગતમથી ગુમ થઈ ગયા હતા. રાજકારણીને શોધવા માટે સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમની રચના કરવામાં આવી હતી. પોલીસે કહ્યું કે આરસી પૌડ્યાલના મોતની તપાસ ચાલુ છે.

**અજિત પવાર કેમ્પના ઘણા ધારાસભ્યો અને નેતાઓ હવે શરદ પવારની પાર્ટીમાં સામેલ**

# મહારાષ્ટ્રમાં ભાજપ મુંઝવણમાં : ચાર નેતાઓએ અજિત પવારની પાર્ટી એનસીપી છોડી

(એ.આર.એલ),મુંબઈ,તા.૧૭



આ વર્ષે દેશના અનેક રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે. જેમાં મહારાષ્ટ્રનો સમાવેશ પણ થાય છે. ત્યારે હવે વિધાનસભાની ચૂંટણી પહેલા જ અજિત પવારની એનસીપીને આંચકા લાગવા માડ્યાં છે. ચાર દિગ્ગજ નેતાઓએ એનસીપી છોડી દેતા મહારાષ્ટ્રમાં ભાજપ ટેન્શમાં આવી ગઈ છે. એનસીપી નેતા અજિત પવારની મુશ્કેલીઓ વધી રહી છે. લોકસભા ચૂંટણીમાં તેમની પાર્ટી રાયગઢમાં માત્ર એક બેઠક પર જ જીત મેળવી શકી હતી. આ હારને ભૂલીને પાર્ટીએ આગામી વિધાનસભાની ચૂંટણીની તૈયારી શરુ કરી દીધી હતી. જો કે ચાર મોટા નેતાઓએ પાર્ટી સાથે છેડો ફાડી નાખ્યો છે.

પિંપરી ચિંચવડના ચાર ટોચના નેતાઓએ અજિત પવારની પાર્ટીને છોડી દીધી છે. આ ચારેય નેતા હવે શરદ પવારની પાર્ટીમાં સામેલ થઈ શકે તેવી અટકળો લગાવાઈ રહી છે. પિંપરી ચિંચવડ યુનિટના અધ્યક્ષ અજિત ગવહાણેએ પોતાનું રાજીનામું અજિત પવારને મોકલી દીધું છે.

**બિહારના સારણ જિલ્લામાં ટ્રિપલ મર્ડરનો ચોંકાવનારો કિસ્સો**

# પાગલ પ્રેમીએ બે સગીર છોકરીઓ અને તેના પિતાની છરીના ઘા મારી નિર્દયતાથી કરી હત્યા

(એ.આર.એલ),પટણા,તા.૧૭



બિહારના સારણ જિલ્લામાં ટ્રિપલ મર્ડરનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. અહીં એક પાગલ પ્રેમીએ બે સગીર છોકરીઓ અને તેમના પિતાની છરીના ઘા મારીને નિર્દયતાથી હત્યા કરી નાખી. આ કેસમાં કાર્યવાહી કરીને પોલીસે સનકી પ્રેમી સહિત બે આરોપીઓની ધરપકડ કરી છે. પોલીસે ત્રણેય મૃતદેહોને પોતાની કસ્ટડીમાં લીધા છે અને પોસ્ટમોર્ટમ માટે છાપરા સદર હોસ્પિટલમાં મોકલી આપ્યા છે. ત્રણ લોકોની હત્યાનો આ મામલો સારણ જિલ્લાના રસુલપુર પોલીસ સ્ટેશન વિસ્તારના ધનાડીહનો છે. પોલીસના જણાવ્યા અનુસાર આ ટ્રિપલ મર્ડર પ્રેમ પ્રકરણના કારણે થયું હતું. આરોપીએ એક વ્યક્તિ અને તેની બે સગીર છોકરીઓની નિર્દયતાથી હત્યા કરી છે. હુમલા દરમિયાન બાળકીની માતાએ કોઈક રીતે ભાગીને પોતાનો જીવ બચાવ્યો હતો. ઘાયલ મહિલાની છાપરા સદર હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે.

પોલીસના જણાવ્યા અનુસાર, પાગલ પ્રેમીએ સગીર પ્રેમિકા સાથે તેની નાની બહેન, પિતા અને માતા પર તીક્ષ્ણ હથિયાર વડે હુમલો કર્યો હતો.



# દક્ષિણ ગાઝામાં ઈઝરાયેલનો ફરી ભીષણ હુમલો, ૬૦ પેલેસ્ટાઈનીઓના મોત

(એ.આર.એલ),ગાઝા,તા.૧૭

ઈઝરાયેલે મંગળવારે મધ્ય અને દક્ષિણ ગાઝા પર કરેલા હવાઈ હુમલામાં ૬૦થી વધુ પેલેસ્ટાઈનીઓના મોત થયા છે. આમાંનો એક હુમલો તો ઈઝરાયેલે પોતે જાહેર કરેલા સેફ ઝોનમાં કરવામાં આવ્યો હતો, જ્યાં હજારો વિસ્થાપિત પેલેસ્ટાઈનીઓ વસે છે. દિવસનો સૌથી વિનાશક હુમલો બપોરે કરવામાં આવ્યો હતો. ખાન યુનિસના મુવાસી શહેરની બહાર આવેલા ગેસ સ્ટેશન પર હવાઈ હુમલો કરવામાં આવ્યો હતો. આ વિસ્તારને ઈઝરાયેલે પાછો પેલેસ્ટાઈનીઓ માટે સેફ ઝોન જાહેર કર્યો છે.

નાસીર હોસ્પિટલમાં ખાન યુનિસના અધિકારીઓએ જણાવ્યું હતું કે કેમ્પથી ભરેલા આ વિસ્તારમાં ૧૭ના મોત થયા હતા. આ હુમલાને લઈને ઈઝરાયેલના લશ્કર તરફથી આ મુદ્દે કોઈ તાત્કાલિક નિવેદન આવ્યું નથી.

ઈઝરાયેલે આ જ વિસ્તાર પર કરેલા હુમલામાં ૯૦થી વધુ પેલેસ્ટાઈનીઓના મોત થયા હતા અને તેમાં બાળકો અને મહિલાઓનો પણ સમાવેશ થાય છે. ઈઝરાયેલે જણાવ્યું હતું કે તેઓએ આ હુમલો હમાસના ટોચના નેતા મોહમ્મદ ડૈફને લક્ષ્યાંક બનાવીને હુમલો કર્યો હતો. હજી તેની શું સ્થિતિ છે તે જાણી શકાયું નથી.

ઈઝરાયેલે સેન્ટ્રલ ગાઝામાં નુસૈરત અને ઝવાઈદાના નિરાશ્રિત કેમ્પ પર હુમલો કર્યો હતો. તેમા ચાર ઘર ખતમ થઈ જતાં કમસેકમ ૨૪ના મોત થયા હતા. તેમા દસ મહિલા અને ચાર બાળકોનો સમાવેશ થાય છે. જ્યારે નુસૈરતમાં થયેલા હુમલામાં બીજા નવના મોત થયા હતા. ઈઝરાયેલના લશ્કરે સ્થળોના નામ આપ્યા વગર જણાવ્યું હતું કે તેમણે સેન્ટ્રલ ગાઝામાં આતંકવાદી ઠેકાણાઓ પર હુમલા કર્યા હતા.

# પ્રામાણિક અને વિજેતા ઉમેદવારોને જ પસંદ કરવા જોઈએ : યોગી આદિત્યનાથ

(એ.આર.એલ),લખનૌ,તા.૧૭



લોકસભા ચૂંટણીમાં નિરાશાજનક પ્રદર્શન બાદ આજે સીએમ યોગીએ કેબિનેટ મંત્રીઓ સાથે બેઠક યોજી હતી. આ બેઠક હવે પૂરી થઈ ગઈ છે અને મુખ્યમંત્રીએ દરેકને આગામી ચૂંટણી માટે તૈયાર રહેવા કહ્યું છે, અને દરેકને અઠવાડિયામાં ૨ દિવસ તેમના હવાલા હેઠળના વિસ્તારમાં રહેવાની સૂચના પણ આપી છે. બેઠકમાં મુખ્યમંત્રીએ કહ્યું કે માત્ર પ્રામાણિક અને વિજેતા ઉમેદવારોને જ પસંદ કરવા જોઈએ અને ભલામણ કરનારા ઉમેદવારોને ટિકિટ ન આપવી જોઈએ.

બેઠકમાં મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ ૧૦ બેઠકો માટેની પેટાચૂંટણીને લઈને તમામ પ્રભારી મંત્રીઓને મળ્યા અને તેમના વિસ્તારમાં અલગ-અલગ દરેક જૂથની સ્થિતિ વિશે પૂછપરછ કરી. તે જ સમયે, મુખ્ય પ્રધાન યોગી દ્વારા તમામ દસ જૂથોને સૂચના પણ આપવામાં આવી હતી કે ચૂંટણી પૂરી ન થાય ત્યાં સુધી તે બધાએ અઠવાડિયામાં ૨ દિવસ તેમના પ્રભારી ક્ષેત્રમાં રાત્રિ આરામ કરવો પડશે.

# વાર્ષિક સંમેલનમાં જો બાઈડેનનું સંબોધન, આગામી રાષ્ટ્રપતિ કમલા હેરિસ બની શકે છે

(એ.આર. એલ),વોશિંગ્ટન,તા.૧૭



અમેરિકામાં જેમ જેમ રાષ્ટ્રપતિની ચૂંટણીનો સમય નજીક આવી રહ્યો છે તેમ તેમ બે પ્રતિસ્પર્ધી છાવણીઓ ડેમોક્રેટ્સ અને રિપબ્લિકન વચ્ચે શબ્દયુદ્ધ વધી રહ્યું છે. એક તરફ રિપબ્લિકન્સે ડોનાલ્ડ ટ્રમ્પને તેમના ઉમેદવાર તરીકે મેદાનમાં ઉતાર્યા છે. જ્યારે ડેમોક્રેટ્સે સત્તાવાર રીતે તેમના ઉમેદવારના નામની જાહેરાત કરી નથી. આવી સ્થિતિમાં જો બાઈડેન અને કમલા હેરિસના નામ પર શંકા છે. કેટલાક અહેવાલોમાં જાણવા મળ્યું છે કે પક્ષની અંદર બાઈડેનને હટાવવાની માંગ છે. દરમિયાન, રાષ્ટ્રપતિ જો બાઈડેને પોતે કંઈક એવું કહ્યું જેણે રાજકીય વર્તુળોમાં હલચલ મચાવી દીધી.

બાઈડેને એનએએસીપીના વાર્ષિક સંમેલનને સંબોધિત કરતા કહ્યું કે ઉપરાષ્ટ્રપતિ કમલા હેરિસ અમેરિકાના રાષ્ટ્રપતિ બની શકે છે. રાજકીય નિષ્ણાતોના મતે જો બાઈડેન નામ પાછુ ખેંચી લે તો હેરિસ રાષ્ટ્રપતિ પદ માટે સૌથી સ્પષ્ટ ઉમેદવાર હશે. જો કે, બાઈડેન વહીવટમાં તેમની ભૂમિકા નિભાવવામાં સક્ષમ ન હોવા બદલ તેમની ઘણીવાર ટીકા કરવામાં આવી છે. એવું માનવામાં આવે છે કે જો બાઈડેન રાજીનામું આપવાનું નક્કી કરે છે, તો હેરિસ તેમની જગ્યાએ શ્રેષ્ઠ સ્થિતિમાં હશે. જો કે, બાઈડેને કોઈ સંકેત આપ્યો નથી કે તે ચૂંટણીમાંથી ખસી જવાની યોજના ધરાવે છે.

# ડોનાલ્ડ ટ્રમ્પ પર હુમલા પાછળ ઈરાનનો હાથ હોવાની આશંકાથી સુરક્ષા એજન્સી સતર્ક


(એ.આર.એલ),વોશિંગ્ટન,તા.૧૭



અમેરિકામાં રાષ્ટ્રપતિ ચૂંટણી પ્રચાર દરમિયાન ડોનાલ્ડ ટ્રમ્પ પર થયેલા હુમલાને ઈરાન સાથે જોડીને એક નવી થિયરી ઉભરી રહી છે. પૂર્વ રાષ્ટ્રપતિને બટલર, પેન્સિલવેનિયામાં એક ચૂંટણી રેલી દરમિયાન તેમના કાન પાસે ગોળીઓ વાગી હતી અને તેમને તાત્કાલિક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. હવે એક તરફ ચર્ચા ચાલી રહી છે કે આ હુમલો ઈરાન દ્વારા કરવામાં આવ્યો છે અને આ હુમલો ઈરાની જનરલ કાસિમ સુલેમાનીની હત્યાનો બદલો લેવા માટે કરવામાં આવ્યો છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે સીએનએનને ગુપ્તચર સૂત્રો પાસેથી સમાચાર મળ્યા છે કે ઈરાન પૂર્વ રાષ્ટ્રપતિની હત્યા કરવા માંગે છે. હવે ડોનાલ્ડ ટ્રમ્પની આસપાસ સુરક્ષા વધારી દેવામાં આવી છે. અહેવાલો અનુસાર, યુએસ અધિકારીઓએ તાજેતરના અઠવાડિયામાં ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ અને રિપબ્લિકન ઉમેદવાર ડોનાલ્ડ ટ્રમ્પની હત્યાનું ઈરાને કાવતરું ઘડવાની ગુપ્ત માહિતી પ્રાપ્ત કરી છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે આ માહિતીને કારણે સિક્રેટ સર્વિસે ટ્રમ્પની આસપાસ સુરક્ષા વધારી દીધી છે.

# ભારત વ્યૂહાત્મક સહયોગી છે, અમેરિકા આ ભાગીદારીને વિકસાવવા ઉત્સુક : પેન્ટાગોન

(એ.આર.એલ),વોશિંગ્ટન,તા.૧૭



યુએસ ડિફેન્સ ડિપાર્ટમેન્ટ દરરોજ ભારત સાથેના સંબંધોની પ્રશંસા કરી રહ્યું હોય તેવું લાગી રહ્યું છે. પેન્ટાગોને ફરી એકવાર સ્પષ્ટ કર્યું કે ભારત વ્યૂહાત્મક સહયોગી છે અને અમેરિકા આ ભાગીદારીને વિકસાવવા માટે ઉત્સુક છે. પેન્ટાગોનના પ્રેસ સેક્રેટરી પેટ રાયડરે એક પ્રેસ કોન્ફરન્સમાં આ વાત કહી. એક પ્રશ્નના જવાબમાં તેમણે કહ્યું, 'ભારત વ્યૂહાત્મક ભાગીદાર છે. અમે આ ભાગીદારીને વધુ વિકસિત જોવા માંગીએ છીએ. યુક્રેન-રશિયા સંઘર્ષ પર, રાયડરે કહ્યું, 'જ્યારે યુક્રેન અને રશિયાના ગેરકાયદે કબજા અને યુક્રેન પર હુમલાની વાત આવે છે. આખરે તે યુક્રેન પર નિર્ભર છે જ્યારે તે શાંતિ માટે વાટાઘાટો કરવા તૈયાર છે. તેમણે ઉમેર્યું, 'અમારું ધ્યાન અત્યારે યુક્રેન સાથે કામ કરવા પર છે જેથી તેઓને તેમના દેશની રક્ષા કરવા, તેમની સાર્વભૌમત્વની રક્ષા કરવા અને તેમનો પ્રદેશ પાછો લેવા માટે જરૂરી મદદ મળે. જોકે, યુક્રેનને લગતા કોઈ નિર્ણય યુક્રેન વગર લઈ શકાય નહીં.

### અત્યાર સુધીમાં રાજયમાં ચાંદીપુરા વાયરસથી ૧૦ બાળકોના મોત નિપજ્યા

# ચાંદીપુરા વાયરસનો ઝડપથી ફેલાવો : અમદાવાદ સિવિલમાં બાળકનું મોત

અમદાવાદ, તા.૧૭

ગુજરાતમાં ચાંદીપુરા વાઈરસ બાળકોમાં ઝડપથી ફેલાઈ રહ્યો છે. ત્યારે તેના દર્દીઓ અમદાવાદ સોલા સિવિલ હોસ્પિટલમાં પણ પહોંચ્યા છે. જેમાં બે દિવસ અગાઉ મહેસાણાથી એક વર્ષના બાળકને અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે હાઈગ્રેડ ફીવર અને ખેંચ આવવાની તકલીફ સાથે દાખલ કરવામાં આવ્યો હતો. જે બાદ તેનું આજે મૃત્યુ નિપજ્યું છે તેના સેમ્પલ પુના ખાતેની લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા છે. એક વર્ષના બાળકનું અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં મોત નિપજ્યું હોવાથી ખળભળાટ મચ્યો છે. અને અન્ય છ શંકાસ્પદ ચાંદીપુરા વાઈરસના બાળ દર્દીઓના સેમ્પલ પણ પુના ખાતે મોકલવામાં આવ્યા છે. અત્યાર સુધીમાં રાજ્યમાં આઠ દર્દીઓના મોત નિપજ્યાં બાદ આજે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં મહેસાણાના એક બાળક તેમજ વડોદરામાં ગોધરાના એક બાળકનું મોત




થતાં કુલ દસ બાળકોના મોત થયા છે. ચાંદીપુરા વાઈરસના લક્ષણો સામાન્ય વાઈરલ ઈન્ફેક્શન જેવા જ હોવાથી તેને સામાન્ય ન ગણી તાત્કાલિક નિષ્ણાંત ડોક્ટરનો સંપર્ક કરવો જોઈએ કારણ કે, બાળકોમાં આ વાઈરસ ખુબ જ ઝડપથી ફેલાઈ રહ્યો છે. અને હવે ઉત્તર ગુજરાતના ગામડાઓમાંથી અમદાવાદ જેવા શહેરોમાં પણ આ વાઈરસનો કહેર પહોંચી ગયો છે.

બાળકને વાઈરલ ઈન્ફેકેશનમાં થતી સમસ્યા દેખાઈ આવે જેમ કે, શરદી, ખાંસી, કફ, વધુ પ્રમાણમાં તાવ આવવો, ઝાડા ઉલટી, માથાનો દુ:ખાવો વગેરે પ્રકારના લક્ષણો દેખાય તો ઝડપથી તેની સારવાર કરાવવી જોઈએ.

### કન્યાઓને પ્રોત્સાહિત કરતી સરસ્વતી સાધના યોજનામાં કૌભાંડ

# રાજ્યમાં વિદ્યાર્થિનીઓ માટે ખરીદવામાં આવેલ સાયકલમાં ૧૦ કરોડનો ભ્રષ્ટાચાર

(એ.આર.એલ), ગાંધીનગર, તા.૧૭

ગુજરાતમાં સરસ્વતી સાધના યોજના હેઠળ કન્યાઓ માટે ખરીદવામાં આવેલી સાયકલમાં ૧૦ કરોડનો ભ્રષ્ટાચાર કરવામાં આવ્યો છે. રાજસ્થાન અને ગુજરાતમાં એક જ કંપનીએ સપ્લાય કરી હોવા છતાં ગુજરાતે સાયકલ દીઠ ૫૦૦ રૂપિયા વધારે ચૂકવ્યા છે છતાં સરકાર તરફથી આ કેસમાં કોઈ તપાસ થઈ નથી કે કોઈ અધિકારી કે મંત્રી સામે કાર્યવાહી કરવામાં આવી નથી.




કન્યાઓને અભ્યાસ માટે પ્રોત્સાહિત કરતી આ યોજનામાં કૌભાંડો ચાલી રહ્યાં છે. ભાજપ સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ તેમજ આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા ધોરણ- ૯માં અભ્યાસ કરતી કન્યાઓને ઘરથી શાળાએ જવા માટે સાયકલ આપવામાં આવે છે પરંતુ આ યોજનાનો હેતુ ભ્રષ્ટાચારને કારણે માર્યો ગયો છે. ગયા વર્ષે પણ ખરીદવામાં આવેલી સાયકલો ખુલ્લા ગોડાઉનોમાં પડી રહી હતી.

સરસ્વતી સાધના યોજના હેઠળ ૨૦૨૩-૨૪માં સરકારના આ વિભાગોએ ૧.૭૦ લાખ સાયકલો ખરીદવાનું નક્કી કર્યું હતું. જેની ખરીદી માટે રાજ્ય સરકારનું સાહસ ગુજરાત રૂરલ ઈન્ડસ્ટ્રીઝ માર્કેટિંગ કોર્પોરેશન લી.(ગ્રીમ્કો)ને સત્તા આપવામાં આવી હતી. વર્ષોથી ખરીદવામાં આવતી સાયકલ સ્પેશિફિકેશન અને ઉત્તમ કન્ડીશનની છે કે નહીં તે માટે એસપીસી દ્વારા નક્કી કરવામાં આવે છે પરંતુ પહેલીવાર માનીતી કંપનીઓને ફાયદો કરાવવા સ્પેશિફિકેશન અને કન્ડીશનમાં ફેરફાર કરવામાં આવ્યો છે. વિપક્ષના નેતા અમિત ચાવડાએ આક્ષેપ કર્યો છે કે વિરોધ, રજૂઆત અને ફરિયાદો થઈ છે છતાં મુખ્યમંત્રી કાર્યાલયના સીધા હસ્તક્ષેપના કારણે ખરીદીના સ્પેસિફિકેશન એસપીસીને બદલે સીધો વિભાગ નક્કી કરે છે કે જેથી માનીતી કંપનીઓને કોન્ટ્રાક્ટ મળી શકે. આ જ કારણથી રાજસ્થાનમાં જે કંપનીએ એક સાયકલનો ભાવ ૩૮૫૭ રૂપિયા રાખ્યો છે તે જ કંપનીએ ગુજરાતમાં એક સાયકલ ૪૪૪૪ રૂપિયે સપ્લાય કરી છે. આમ એક સાયકલ દીઠ ૫૦૦ રૂપિયા વધારે ચૂકવવામાં આવ્યા છે.

પ્રજાના ટેક્સના પૈસાનો વેડફાટ કરી રહેલા સરકારી વિભાગો પર સરકારનો કોઈ કાબૂ રહ્યો નથી. રાજ્ય સરકારે ૧.૭૦ લાખ સાયકલો ખરીદી છે જેમાં પ્રતિ સાયકલ ૫૦૦ લેખે કુલ ૮.૫૦ કરોડ રૂપિયા વધારે ચૂકવ્યા છે. મહત્વનું છે કે સાયકલની ખરીદી પ્રક્રિયા મે ૨૦૨૩માં થવી જોઈતી હતી તેના બદલે આખી પ્રક્રિયામાં ૧૦ મહિનાનો વિલંબ થયો છે. નવા શૈક્ષણિક વર્ષ એપ્રિલ ૨૦૨૪માં વર્કઓર્ડર અપાય છે અને ડિલીવરી થાય છે.

# બીએસએફને કચ્છના જખૌ દરિયાકાંઠેથી બિનવારસી ડ્રગ્સના ૧૦ પેકેટ મળ્યા

ભુજ, તા.૧૭

કચ્છથી ફરી એકવાર મોટા સમાચાર સામે આવ્યા છે. વાસ્તવમાં કચ્છના દરિયાકાંઠેથી બિનવારસી ડ્રગ્સના પેકેટ મળવાનો સિલસિલો યથાવત હોય તેવી સ્થિતિ બની છે. અગાઉ અનેક વાર બિનવારસી ડ્રગ્સના પેકેટ મળ્યા હોવાની વચ્ચે ફરી એકવાર બીએસએફ જવાનોને બિનવારસી ડ્રગ્સના પેકેટ મળ્યા છે. પ્રાથમિક વિગતો મુજબ કચ્છના જખૌ નજીક નિર્જન ટાપુ




પરથી બીએસએફ જવાનોને બિનવારસી ડ્રગ્સના પેકેટ મળ્યા છે. આ તરફ હવે આ મામલે વધુ તપાસ શરૂ કરવામાં આવી છે.

કચ્છના દરિયાકાંઠેથી અનેકવાર આપણી જાંબાઝ પોલીસ અને નેવી દ્વારા ડ્રગ્સ પકડવામાં આવ્યું છે. આ સાથે અનેકો વાર અહીંના દરિયાકાંઠાના સૂમસામ વિસ્તારોમાંથી પણ બિનવારસી ડ્રગ્સ મળી ચૂક્યું છે. આ બધાની વચ્ચે બીએસએફની ટીમ પણ સતત એલર્ટ છે. આ તરફ ફરી એકવાર કચ્છના દરિયાકાંઠેથી બિનવારસી ડ્રગ્સનો જથ્થો મળી આવ્યો છે. કચ્છના જખૌ નજીક નિર્જન ટાપુ પરથી બીએસએફને પેટ્રોલિંગ દરમિયાન ડ્રગ્સના ૧૦ બિનવારસી પેકેટ મળ્યા છે.

# સસ્પેન્ડેડ લેડી કોન્સ્ટેબલ નીતા ચૌધરી એટીએસના હાથે ઝડપાઈ

અમદાવાદ, તા.૧૭

ભચાઉ ચકચારી હત્યાના પ્રયાસ કેસમાં ફરાર સસ્પેન્ડેડ લેડી કોન્સ્ટેબલ નીતા ચૌધરીની પોલીસે ધરપકડ કરી છે. આ કેસમાં સેશન્સ કોર્ટે જામીન રદ કર્યા બાદ લેડી કોન્સ્ટેબલ ફરાર થઈ જતા પોલીસ દોડતી થઈ હતી. જો કે, ગુજરાત ATSની ટીમે નીતા ચૌધરીને લીમડીના એક ગામમાંથી ઝડપી પાડી છે. ઉલ્લેખનીય છે કે, બુટલેગર સાથે મળીને પોલીસ કર્મચારીઓ



ઉપર ગાડી ચડાવી હતી. તેમજ ગાડીમાંથી દારૂ પણ મળી આવ્યો હતો. જેને લઈને લેડી કોન્સ્ટેબલ નીતા ચૌધરી સામે કચ્છના ભચાઉ પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી.

# સુરતના ઉધનામાં વ્યાજખોરે ભેગી કરેલી સંપત્તિની તપાસ ઈડીને સોંપાશે

સુરત, તા.૧૭

સુરત ઉધના વિસ્તારમાં વ્યાજખોરી દ્વારા આતંક મચાવનાર ધર્મેન્દ્ર ઉર્ફે લાલીને ઉધના પોલીસ તેના જ વિસ્તારમાં લઈને પહોંચી હતી. માત્ર એટલું જ નહીં જ્યાં તેની ધાક છે એ જ વિસ્તારમાં પોલીસે લાલીનો વરઘોડો કાઢી ઓફિસમાં તપાસ હાથ ધરી હતી. માથાભારે વ્યાજખોર ધર્મેન્દ્ર ઉર્ફે લાલી સામે વધુ એક ગુનો નોંધાયો છે. જેને લઈ ઉધના પોલીસ આજે



આરોપી ધર્મેન્દ્ર ઉર્ફે લાલીને લઈ તેની ઉધના ખાતે આવેલ ઓફિસ પર પહોંચી હતી. ઓફિસમાં લાગેલા તાળાની ચાવી નહીં મળતા પોલીસે તાળું તોડીને લાલીની ઓફિસમાં એન્ટ્રી લીધી હતી. તેમજ તેની સંપત્તિ અંગે પોલીસ દ્વારા એન્ફોર્સમેન્ટ ડાયરેક્ટરને જાણ કરવામાં આવશે. લાલીએ અલથાણના જમીન દલાલને વ્યાજે આપેલા ૨ લાખની સામે ૬.૮૩ લાખ પડાવી લીધા બાદ વધુ ત્રણ લાખની માંગણી કરી હતી. એટલું જ નહીં ૧૫ લાખની રકમનો ચેક લખાવી કોર્ટમાં ખોટા કેસ કરવાની તેમજ રૂપિયા નહીં આપે તો જીવતો નહીં રહેવા દેવાની ધમકી આપી હતી.

# વરસાદને કારણે સૌરાષ્ટ્રના ૧૮ ડેમમાં ૫૦%થી વધુ પાણી

રાજકોટ, તા.૧૭

રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં ૩ દિવસ ભારે વરસાદની આગાહી છે. છેલ્લા ૨૪ કલાકમાં વરસાદથી ભાદર, આજી સહિત ૨૯ ડેમમાં નવા નીરની આવક થઈ છે. જેમાં રાજકોટના જીવાદોરી સમાન આજી, ભાદર, ન્યારી, સોડવદર, ફોફળ, મોજ સહિતના ડેમોનો સમાવેશ થાય છે. હાલ ડેમની સ્થિતિ જોઈએ તો સૌરાષ્ટ્રના ૧૮ ડેમમાં



૫૦%થી વધુ જળસપાટી જોવા મળી રહી છે. જ્યારે ૪ ડેમની સ્થિતિ ખાલીખમ જોવા મળી રહી છે અને દ્વારકાનો વાંસલ ડેમ તેમજ મોરબી જિલ્લાનો સસોઈ-૨ અને વગડિયા ડેમ ૧૦૦% ભરાય ગયો છે. રાજકોટ જિલ્લાના આજી-૨, ન્યારી-૨ અને ભાદર-૨ ડેમના દરવાજા ખોલી પાણીની સપાટી જાળવવામાં આવી રહી છે.




### મુસાફરોને લૂંટવાના ઈરાદાથી ચાર લૂંટારૂઓ ટ્રેનમાં ચડયા

# ભુસાવલથી સુરત આવતી ટ્રેનમાં લૂંટારૂઓનો આતંક : ટીસી પર હુમલો

સુરત, તા.૧૭

ભુસાવલથી સુરત આવતી ટ્રેન નંબર-૧૯૦૦૬ ભુસાવલ-સુરત એક્સપ્રેસ નંદુરબાર રેલવે સ્ટેશન પર પહોંચી તો તેમાં ચારેક લૂંટારૂઓ પેસેન્જરોને લૂંટવા માટે હથિયારો સાથે ટ્રેનમાં ચડ્યા હતા. જેમની પાસે સળિયા અને છરીઓ સહિત તિક્ષ્ણ હથિયાર હતા. જે સમયે સુરત ટીસી સ્ક્વોર્ડના ટીસી દિલીપ યાદવ ટ્રેનના એસ-૪થી આઈ-૮નું ચેકિંગ કરી રહ્યા હતા. દરમિયાન તેઓની નજર ચારેય લૂંટારૂ પર પડતા તેમણે તેમની પાસે ટિકિટ માંગી હતી. પરંતુ લૂંટારૂએ તેમની પર હથિયાર વડે હુમલો કર્યો હતો અને લોહીલુહાણ કરી દીધા હતા. આટલું જ નહીં, તેઓએ ટીસીને પણ લૂંટી લીધા હતા અને તેમનું ટિકિટ ચેક કરવાનું એચએચટી મશીન લઈ લીધું હતું તેમજ તેમના પર્સમાંથી રૂપિયા, આઈ-કાર્ડ અને પેસેન્જર સ્લીપ સહિતની વસ્તુઓ પણ લઈ લીધી હતી. આ મામલે ટીસી દિલીપ યાદવે લેખિતમાં આરપીએફમાં ફરિયાદ પણ નોંધાવી છે, બીજી બાજુ પશ્ચિમ રેલવે મજદૂર સંઘમાં પણ ફરિયાદ કરી હતી.

# રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અપગ્રેડેશન માટે રૂ. ૧૪૭૦ કરોડની સૈદ્ધાંતિક મંજૂરી

ગાંધીનગર, તા.૧૭

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજયના રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસથી ઔદ્યોગિક વિસ્તારો અને ક્વૉરી વિસ્તારોને જોડતા માર્ગોના અપગ્રેડેશન અને મજબૂતીકરણ માટે ૧,૪૭૦ કરોડ રૂપિયાની ફાળવણી માટે સૈદ્ધાંતિક મંજૂરી આપી છે.

સીએમએ આ હેતુસર ઉદ્યોગ અને ખાણ વિભાગ સાથે પરામર્શ કરીને તેમની જરૂરિયાતો પણ ધ્યાને લેવાનો નવતર અભિગમ અપનાવ્યો છે. ઔદ્યોગિક વિસ્તારોને તથા ક્વોરીને જોડતા આ રસ્તાઓના કામો થવાથી આ રસ્તાઓને જોડતા શહેરો, નગરો, ગામોના ટ્રાફિકને સરળતા રહેશે અને વાહન વ્યવહાર લાયક સારા માર્ગોની સગવડતા મળશે.ગુજરાત દેશના સૌથી વધુ ઔદ્યોગિક વિસ્તાર ધરાવતા રાજ્યોમાં એક અગ્રેસર રાજ્ય છે. એટલું જ નહિં, પોલિસી ડ્રિવન સ્ટેટ, રોબસ્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસને પરિણામે દેશમાં ગુજરાત એફડીઆઈનો મોટો હિસ્સો ધરાવતું રાજ્ય બન્યું છે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણા અને દિશાદર્શનમાં શરૂ થયેલ વાઈબ્રન્ટ ગ્લોબલ સમિટની ફલશ્રુતિએ રાજ્યમાં મોટાપાયે ઉદ્યોગો આવતાં અપ્રતિમ ઔદ્યોગિક વિકાસ થયેલો છે. આવા ઉદ્યોગો દ્વારા 'મેઈક ઈન ઈન્ડિયા' અને 'આત્મનિર્ભર ભારત'ને પ્રોત્સાહન આપવાના વડાપ્રધાનના વિઝનને આગળ ધપાવતાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રોડ નેટવર્ક વધુ સુદ્રઢ કરવાના હેતુથી છેલ્લા બે વર્ષમાં રોડ સેક્ટરની નાણાંકીય જોગવાઈઓની ફાળવણીમાં ૮૦ ટકાથી વધુનો વધારો કરવાની પહેલ કરી છે.

સીએમ ભૂપેન્દ્ર પટેલે આ સંદર્ભમાં ઔદ્યોગિક વિસ્તારો અને ક્વૉરી વિસ્તારોને જોડતા કુલ ૬૮૮ કિલોમીટરના ૬૫ માર્ગો માટે આ રૂ. ૧,૪૭૦ કરોડ રૂપિયા ફાળવવાની સૈદ્ધાંતિક અનુમતિ આપી છે. આ ફાળવણી હેઠળ ૮૩ કિલોમીટર માર્ગોને ફોર લેન સુધી પહોળા કરવામાં આવશે, તેમજ ૧૭૩ કિલોમીટર રસ્તાની લંબાઈ ૧૦ મીટર સુધી પહોળી કરાશે. આ કામ સાથોસાથ ૪૩૨ કિલોમીટર લંબાઈનું મજબૂતીકરણ કરાશે.

